

શ્રી

# નકલંક જ્ઞાન પ્રકાશ!

પ્રગટ કરનાર,

## શ્રી નકલંક જ્ઞાન પ્રસારક મંડળ

વતી,

## મીઁ૰ હીરાલાલ ભીખાભાઈ

મુકામ પેટલાદ-ખેડા.

પ્રત ૧૦૦૦

આ બુક મેનેજર વલીભાઇ નાનજીએ ધી ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩ પાલખી મહોલા મુંબઇ નં. ૯ માં છાપી.

સંવત ૧૯૭૭.

# શુધ્ધિ પત્રિકા.

| પાનું. | લીંટી. | અશુધ્ધ | શુધ્ધ. |
|---|---|---|---|
| ૪ | ૨૧ | ધરૂ કહે છે | ધરૂ કરે છે. |
| ૨૧ | ૩ | પોતાને પરપંચ | પોતાનો પરપંચ. |
| ૪૦ | ૧ | પીરતા પુરાઇએ | પીરતા પુજાઇએ. |
| ૫૫ | ૨૨ | ઠીગે ઠીગે ખાન વસંતા | ઠીગે ઠીગે થાન વસંતા. |
| ૬૬ | ૨ | ભુલ્યો ભુલ્યે | ભુલ્યો ભુલ્યો. |

મહેરબાની કરી વાંચનારે ઉપર મુજબ પ્રથમ સુધારો કરી લઇ વાંચવું.

# સાંકળીયું.


| નંબર. | | ગીનાનં | પાનું |
|---|---|---|---|
| ૧ લું | ગીનાન | એજી સેહેતર દીપમેં શાહા જાહેર બેઠા | ૧ |
| ૨ જું | દસ અવતારમાંથી | અવતાર ૧ લો | ૨ |
| ૩ જું | ,, | અવતાર ૨ જો | ૩ |
| ૪ થું | ,, | અવતાર ૩ જો | ૩ |
| ૫ મું | ,, | અવતાર ૪ થો | ૪ |
| ૬ ઠું | ,, | અવતાર ૫ મો | ૫ |
| ૭ મું | ,, | અવતાર ૬ ઠો | ૭ |
| ૮ મું | ,, | અવતાર ૭ મો | ૮–૯ |
| ૯ મું | ,, | અવતાર ૮ મો | ૯ |
| ૧૦ મું | ,, | અવતાર ૯ મો | ૧૧ |
| ૧૧ મું | ,, | અવતાર ૧૦ મો | ૧૨–૧૩ |
| ૧૨ મું | ગીનાન | ધુલ ધુલ ઘોડે સચો સામી રાજો ચડશે | ૧૪ |
| ૧૩ મું | ,, | એજી ધુલ ધુલ ઘોડે અલી ચડશે શાહા | ૧૫ |
| ૧૪ મું | ,, | હંસપુરી નગરી માંહે માંડવો રચાયો | ૧૬ |
| ૧૫ મું | ,, | એજી એણે ઘટે સાસો એ વીરા મારા | ૧૮ |
| ૧૬ મું | ,, | જીરે ભાઇરે દેશ દેલમમેં શાહા જગાયા | ૧૮ |
| ૧૭ મું | ,, | જીરેવાલા પાટ મંડાવીને ચોક પુરાવો | ૧૯ |
| ૧૮ મું | ,, | તજીઓ સંગ કુસંગીઆ | ૨૧–૨૨ |
| ૧૯ મું | ,, | એજી પરતક પાત્રને પરખીને | ૨૩–૨૪ |
| ૨૦ મું | ,, | સખી માહાપદ કેરી વાત કોઇક જાણેરે | ૨૫ |
| ૨૧ મું | ,, | સખી મારા આતમના આધાર | ૨૬ |
| ૨૨ મું | ,, | એજી પાછમથી શાહાના દડ આવશે | ૨૬ |
| ૨૩ મું | ,, | એજી મીલો રીખીસર મેડા મીલો | ૨૭–૩૧ |
| ૨૪ મું | ,, | પેગ્નાજની માતાએ કુંવરને વનમાં જનમીઆ | ૩૧–૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ મું | ,, | એજી ફીરત નેજા તંબલ વાજશે | ૩૩ |
| ૨૬ મું | ,, | કે રાજા પાંડવે તે મેલી જારે પરથમી | ૩૪ |
| ૨૭ મું | ,, | જીરે કરશન બોલતા તે અંબરત વાણીજી | ૩૬ |
| ૨૮ મું | ,, | એજી અપરમ જારે આવશે | ૩૭–૩૮ |
| ૨૯ મું | ,, | એજી જાકે પાછમ દીસે ને ખંઢ એરાક માંએ | ૩૮–૪૦ |
| ૩૦ મું | ,, | એક સપનાતર મેં દીઠણા હોજી | ૪૧–૪૨ |
| ૩૧ મું | ,, | સામી રાજા જંપુદીપે ઉમાઓજી | ૪૩ |
| ૩૨ મું | ,, | એજી સામી રાજો મોરે મનથી ન વીશરેજી | ૪૩ |
| ૩૩ મું | ,, | એજી સેજડીએ સુતોરે રાજા નીંદ્રા ધરી | ૪૪–૫૩ |
| ૩૪ મું | ,, | એજી આંખલડી જોઇ જોઈ થાકી | ૫૪ |
| ૩૫ મું | ,, | એજી સાંભળો મોમન વેદની વાત | ૫૪ |
| ૩૬ મું | ,, | એજી ધંધુકારની સાંખ ભણીજે | ૫૫ |
| ૩૭ મું | ,, | એજી ટાઢું ટાઢું મીઠડું બોલીએ | ૫૬ |
| ૩૮ મું | ,, | એજી લાવો લાવો ધાસ બંધાવો ત્રાટી | ૫૭ |
| ૩૯ મું | ,, | એજી વાવસો તેવું લુણશો | ૫૮ |
| ૪૦ મું | ,, | લેલે લોલી કીરશન શામદે સાલોલી | ૫૯ |
| ૪૧ મું | ,, | એજી માહામદ માવજી આવ્યા | ૬૧–૬૨ |
| ૪૨ મું | ,, | એજી બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી | ૬૨ |
| ૪૦ મું | ,, | એજી ઉંચારે કોટ બહુ વેચના | ૬૩ |
| ૪૪ મું | ,, | એજી ભોરારે ભોરા માનવી | ૬૪ |
| ૪૫ મું | ,, | ફુલડા મ ચુંટીસ ભોરા મહેશ્વરી | ૬૫–૬૬ |
| ૪૬ મું | ,, | એજી પાછમ દેશેથીં પ્રભુ પધાર્યા | ૬૬–૬૮ |
| ૪૭ મું | ,, | કે જીરે વીરા કનક કંચોળા કેશર ઘોળીયા | ૬૯–૭૦ |
| ૪૮ મું | ,, | સતે પાવલ પીવો દીન ને રાત | ૭૧ |
| ૪૯ મું | ,, | ચેતો ચેતો તે ચંચલ ચેતીયારે લોલ | ૭૨ |
| ૫૦ મું | ,, | સતગુર શમસ એમ કહેરે ગાફલો | ૭૩ |
| ૫૧ મું | ,, | શાહા તું આપો હી આપ સહી હો સામી | ૭૪–૭૬ |

# નકલંક જ્ઞાન પ્રકાશ!

(રચનાર-પીર સદરદીન.)

એજી સેહેતર દીપમે શાહા જાહેર બેઠા,
સાંજ સીભુ નીત જપો મોરા ભાઇ.
આરતી કીજે નકલંક તણિજી,
સતગુરૂ સોહેદેવ શાહા બતાઇ.
બાર ગુર પીર સદરદીન દીસ બતાઇ, આરતી કીજે-૧.
એજી અજપયા જાપ મુનીવરે જાણયા
લખ ચોરાસી જીવના ફેરા ટાળયા. આરતી કીજે-૨.
એજી અમર ભેદ મુનીવરે જાણ્યા
એકોતેર પુરીઆ જીવના ઓધારેઆ. આરતી કીજે-૩.
એજી અથર વેદ માંએ જે કોઈ માહેર
દશ માંહે દીન દયાલ, પરભુ બેઠા જાહેર. આરતી કીજે-૪.
એજી અનેક વાજાં વાજીંત્ર વાજે,
અકલ સરૂપ દેખી દુનીઆં લાજે. આરતી કીજે-૫.
એજી મત કોઈ લાજ કરો હરીજન
હરજીની ભકતિ કરો આછે મન તન. આરતી કીજે-૬.
એજી ખટ દરશન તો સુન પુજાએ
સતપંથ ધરમકો મરમ ન પાયે. આરતી કીજે-૭.
એજી સતપંથ ધરમ આરાધો મોરાભાઇ
તો અનત કરોડ જીવને હુઇ છે વાધાઈ. આરતિ કીજે-૮.
એજી ચેતણુહારા તમે ચેતો મોરા ભાઇ
કહે ગુર સોહેદેવ કર લીઓ કમાઈ. આરતી કીજે-૯.
એજી ભણે પીર સદરદીન સુણો મોમનભાઇ
ગાફલ દુનીઆં શાહાકો મરમ ન પાઈ. આરતી કીજે-૧૦.

# દસ અવતાર.

(રચનાર-પીર સદરદીન.)

## અવતાર ૧ લો.

સીરી પીરેથમે' સીરિ પીરેથમે' મછ રૂપે લીધો છે અવતાર, માયા માંડીને જુગ શામ ધરેઆ તારે ગુર ભરમાજીના વેદ છે ચાર, તે સ'ખો દાણુવ વેદ હરી ગયો.

સ'ખો દાણવ વેદ હરી જાએ, તેની વારે સીરી નારાયણ થાએ
જાઈ રહયો સમુદર માંહે, તારે મછરૂપ ધરયો મુરાર
નાસતો સાહેઓ હાથ, તારે બોલેઆ સીરી જગનાથ
પેસ'તો ઝાલેઓ હાથ, કાંડા ગીરહેઆ સીરી જગનાથ
કહે તુ'ને ખણુ ન મેલુરે હાથ, તારે કર જોડીને લાગો શાહાને પાએ
શાહા તરૂઠો તુ' વર માગ, તત'ખણ મેલીઆ છે હાથ,
શાહા તરૂઠો સીરી જગનાથ.

હો મારા સામીજી આદ નારાયણે સ'ખો હણુયો, તારે મછ રૂપે સીરી માહાવ અવતરયો; સીરી મછની માતા તો સ'ખાવતી, પીતા તો પરેમરૂખ, ગુરુ તો માનધાતા; સખતી તો ચ'દ્રકાદેવી, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી મછ રૂપે નામ ભણાવેઆ, જી અલા જી અલા. (૧)

# અવતાર ૨ જો.

સીરી બીજમાંહે સીરી બીજમાંહે કોરભ રૂપે લીધો છે અવતાર, ભાંરે પીરોથમીનું શાહા મોરે પીઠેસું ઝાલીયો, તારે મેર પરબતનો કીધો છે રવાયો, વાસંગ નાગ શાહા મોરે નેત્રેસું મરોડીઆ.

તારે દેવ મીલીઆ છે તેત્રીસ કીરોડ, એક મોરે તે વીર લોચન રાએ

બીજી મોરે તે માહાબલ થાએ, તારે મથીઆ મહાવ સમુદ્ર હરી ઓધરેઆ નવ ખંડ, આણેઆ તે અંભરત જેહ આણી કાઢેઆ અંભરત નુર, પાયા તે ચંદ્રમા ને સુર ચંદ્ર સુરજ પાયા એહ, રાહુ ઉપર માંઢી છે રીસ શાહ છેદવીઆ તેના શીશ.

હો મારા સામીજી સીરી બીજ માંહે મારો તું સીરિ પરમેશરાં; સીરી બીજ માંહે સીરી બીજ માંહે કારભ રૂપે લીધો છે અવતાર, સીરી કોરભની માતા તો કમલાવતી, પીતા તો ત્રીકમરૂખ ગુરતો એકારખ, સખતિ તો અજીઆદેવી, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી કોરભ રૂપે નામ ભણાવેઆ જી અલા જી અલા. (૨)

# અવતાર ૩ જો.

સીરી ત્રીજમાંહે સીરી ત્રીજ માંહે ત્રીભોવરે દીધી છે દાઢ, દાઢ તો સીરી વારાની વખાણીએ અહોનીસ ભીરમંઢણ ધરેઆહુ દાઢ, પીરથમી જાએ રખપાર.

હવે આવે છે દઇતનું કાલ, દઇંત બંધાણું માંહે જંજાલ શાહા નવખંઢ પોતા જાએ, વન મોરીને કીધો છે આરંભ

ગોવર્દ્ધન ગીરહી છે વાઢ, ભીરમંઢણુ રાખી છે દાઢ
દઇંત નવખંડ પોતા જાય, વારા રૂપે છે અવતાર
મોર દાણુવ મારીને કીધો છે આરંભ, તારે સ્વચકર લીધો છે હાથ
અવતરેઓ શાહા સોંસાર માંહે, અવતરેઓ શાહા દેવ મુરાર
અવતરેઓ શાહા ઓધવ રાએ, અવતરેઓ શાહા પીરોથમી માંહે
રવ રૂંઢ રોડીઆ તાંહે.

હો મારા સામીજી ત્રીજમાંહે મારો તું સીરી પરમેશરા; સીરી ત્રીજ માંહે સીરી ત્રીજ માંહે ત્રીભોવરે દીધી છે દાઢ, દાઢ તો સીરી વારાની વખાણીએ, સીરી વારાની માતા તો પદમાવતી પીતા તો દેઓલપુર, ગુર તો સેહેસાનંદ, સખતી તો બહુકાદેવી, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી વારા રૂપે નામ ભણાયા. જી અલા જી અલા. (૩)

---

# અવતાર ૪ થો.

સીરી ચોથ માંહે સીરી ચોથ માંહે નરશંગ રૂપે લીધો છે અવતાર; ભગત હેતને કારણે સામીજી તું ભલે ભલે અવતરેઓ; થંભ ફોડીને પરગટેઆ દેવ સીરી પરમેશરા; ભગત પરહેલાજની વારે તે સામીજી ભલે ભલે અવતરેઆ; તારે કુંવર પરહેલાજ મોખ પામેઆ.

તારે મોખ પામેઆરે પરહેલાજ, તેને આલીયો શાહા અવીચલ રાજ
મુગતા હુઆરે પરહેલાજ, જેમ શાહા આલીયો ધરૂને રાજ
ધરૂ કહે છે અવીચલ રાજ, બંધ કાપીઆરે પરહેલાજ
તેને આલીયો શાહા અવીચલ રાજ, કીધા તે અમર જાત
જલાવેઆ દાણુવ જેહ, કહે સુણો સામી અમર મોરી છે દેહ
નહીં મરૂં પુરસ ને ત્રીઆ, નહીં મરૂં રાત ન દીહ

નહીં મરૂં માંહે ન બાર, નહીં મરૂં ધરણ આકાશ
નહીં મરૂં તે ખંને ન ખડંગ, નહીં મરું લકડ ને લોહ
તારે લઈ રાખીયો નેવા હેઠ, નરેં નખ વાયા તેને પેટ
તેના રગત પીધા છે દેવ, રગતેં કરીને કીધો છે સનાન
વરી વીપ્રને આલીયો દાન, ઓછવ હુઆ તતખેવ

હો મારા સામીજી સીરી ચોથ માંહે મારો તું સીરી પરમેસરા; જુગ સધારીએ, ભગત આધારીએ, દાણવ દારીએ, ગતીઉ તારીએ, અસુર સંગારીએ, આસુ પુરીએ. સીરી ચોથ માંહે મારો તું સીરી પરમેશરા, શ્રી ચોથ માંહે નરસંગ રુપે લીધો છે અવતાર; સીરી નરસીંની માતા તો ચંદાવતી પીતા તો હરીતક, ગુર તો અંમરતેજ, સખતી તો સમેઆ દેવિ ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી નરસી રુપે નામ ભણાવેઆ જી અલા જી અલા, સતર લાખ ને અઠાવિસ સેહેસત્ર જુગ કીરતાનું પીરમાણ હોતા, તારે રુધ વેદના વારા વરતેઆ; કીરતા જુગ માંહે શાહાનાં ચાર રુપ વરતેઆ; ચાર દાણવ શાહે આપે સંગારેઆ; કીરોડીએ પાંચેસું રાજા પએલાજ તારેઆ. તેણે ગુબત પંથ આરાધેઆ તે તો, સહી અમરાપુરીનો વાસો ભલે પામીઆ જી અલા જી અલા. (૪)

# અવતાર ૫ મો.

સીરી પાંચ માંહે સીરી પાંચ માંહે વાએમણ રૂપે લીધો છે અવતાર; દાનને પરઠણે રાજા બલ છડીઆ.

રાએ કહિ તેડાવેઆ પીરધાન, વરતીઆ વેગે હાકારો
એક વીપ્રને તેડીને લાવો, વેગ કરીને વેલા થાઓ
એક ઘડીની વાર મ લાઓ, એક તાલ માંહે વેલા જાઓ

તારે વજીરે કીધો છે વીચાર, વીપર આવેઓ તેરે દુઆર
તેને તેડવા ગયા જણ ચાર, તેડી લાવેઆ બલને પાસ
બલ ઉઠીને લાગો શાહાને પાએ, તમે ભલે આવેયા વીપર રાએ
તમથી કારજ મારો પુરો થાએ, વિપરે કીધો છે મન માંહે વીચાર
બલને ભણી દેખાડેઆ વેદ ચાર, તારે તરૂઠો બલ દાતાર
સામી માગ પીરેથમીનું રાજ, સામી કહે મારે રાજસું નહીં કાજ
સામી માગ હુસતી તુરીંગ, સામી કહે મારે હસતી તુરીંગસું નહીં રંગ
સામી માગ ગીરથ ભંડાર, સામી કહે મારે ગીરથ ભંડારસું નહીં કામ
તારે બોલેઆ માહાવ મુરાર, ધરણુ જોઈએ છે ઉઠ કરમ
તારે વીપરે કહી એક ભીરમ, હરે આગલ સાયા હાથ
તારે બલે મુખે કહી એક વાત, સામી માગ અદકો આશરંભ
તારે બોલેઆ માહાવ મુરાર, ધરણુ માગું તે અઉઠ કરમ
તારે વીપરે કીધો તે સુફલ વચન, મુને જોઈએ છે મંઢલીનું ઠાંમ
જીઆં હું કરૂં વીસરામ, બલે ઉઠી દેખાડીયા હરને ઠામ
સામીજી કરો વિસરામ, તારે વીપર વાધેઓ ભરમંઢણ જાએ
નવખંડ ઉપર દીધો જાઇ પાએ, ધરણ થકી તે અઉઠ ન થાએ
અઉઠ માંહે નહિં કોઇ ઠામ, તારે બલને ચાંપેઓ પઇઆર.

હો મારા સામીજી જુગ સધારણહાર સીરી પાંચ માંહે મારો તું સીરી પરમેશરા; સીરી પાંચ માંહે વાએમણ રૂપે લીધો છે અવતાર સીરી વાએમણની માતા તો લીણાંવતી, પીતા તો કેશવઢણ, ગુર તો બહુ લોચન, સખતી તો કોએલાદેવિ, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી વાએમણ રૂપે નામ ભણાવેઆ જી અલા જી અલા. (૫)

# અવતાર ૬ ઠો.

સીરી છઠમાંહે સીરી છઠમાંહે ફરસીરામ રૂપે લીધો છે અવ-
તાર, સીરી ફરસીરામ રૂપે ફરસી લીધી છે હાથ ફરસી હાથ
રાખતા હતા તારે રખીસર તપેસરી વન માંહે તપ કરતા હતા.

હવે જે કેહેવરાવતો સોહોસભુજાનો રાએ, તે તો વારે ચાલીઓ
જાએ
તારે કેડે બેનીએ દિઠો છે વિર, નઇડે વીછુટા નીર
જો હોવે અમ ઘર રાજ, તો બંધવ તેડી જમાડું આજ
ચલતી જલ બંધણ લાગી છે મોટ, તેમા મનમાંહે બેઠી છે ખોટ
વસત્રે ન રહેઓ નીર, તારે રીખીસરે જાણી તેની પીડ
કહે તુંને બંધવ સંભરેઓ આજ, વીણસારેઆ ધરમના કાજ
કહે તુંને ઉપજે એ શરીર, તો તેડ તારો વીર
તતખણ તેડાવેઆ રાએ, રીખીસરે તેડાવી કામધેન ગાએ
જુગતે જમાડેઆ અમરત ભોજન જેહ, અંગ સોહોભતાં વસત્ર
પેહેરાવેઆ તેહ
એકવીસ ભાતીનાં દિધાં છે દાન, રખીસરે દઈતને આલેઓ
બહુ માન
દઈતને કહે એ તો વનમાંએ કરે છે જોગ, એને એવડા કીઆં-
થી સંજોગ.
દઈતે મંઠલી માંએ દીઠી એક ગાયે, તે તો માંગવા લાગો છે રાએ
એતો ઇંદ્રથી આણી છે ગાએ, તે ગાએ દીધી નહીં જાએ
તારે જોર કરીને દોરી ચાલેઓ ગાએ, તારે રીખીસર કહે વેગેથી
વારજ થાએ
તારે રીખીસરે ધિઆન ધરી સંભારેઆ ફરસીરામ, વેગે આવેઆ
તે ફરસીરામ
કહે પીતા વતાવો હમને કામ, તારે કહે પેલાં માર તારી માએ
પછી દઇત કામધેન લીધો જાએ, તારે ફરસીરામે ફરસી હાથે
લીધી

પીરથમી નખત્રમી કીધિ, હવે જે કેહેવરાવતો સોહોસ ભુજાનો રાએ
તેને મારી ફેરાવેઆ એક ઠાએ, શાહે મારેઆ શોહોસ ભુજાનો રાએ

હો મારા સામીજી સીરી છઠમાંહે મારો તું સીરી પરમેશરા, સીરી છઠ માંહે સીરી છઠ માંહે ફરસીરામ રૂપે લીધો છે અવતાર સીરી ફરસીરામની માતા તો રણકાવતી, પીતા તો જવલગણ, ગુર તો આકાશ બ્રુંભ, શખતી તો તુલજાભવાની ચાર લાખને બત્રીસ સેહેસત્ર સીરી ફરસીરામ રૂપે નામ ભણાવેઆ જી અલા જી અલા. (૬)

# અવતાર ૭ મો.

સીરી સાત માંહે સીરી સાત માંહે રામચંદ્રજી રૂપે લીધો છે અવતાર; રાજા દશરથને કુલે માતા કઉશલયાને ઉદરે તે સીરી રામચંદ્રજી ભલે ભલે અવતરેઆ; કેકઈને વાએકેથી ચાલેઆ વનવાસ, સીતાને કારણે સાએરે બાંધિ છે પાજ.

તારે નયણે ન દીસે સંધ, શાહા જાઇ રહેઆ સમુદ્રર પાર
દઇંત રહેઓ લંકા મીંજાર, એંદ્રજીત ઉપરથી નાંખે બાણ
તેની અકલ કલી નવ જાએ, બાર વરસનો વીરત એક થાએ
કારણ અવસર એહ, બાંણ સાંધિને મારે એને તેહ
જારે સામીજી ચાલેઆ વન, તારે વીરત કીધાં લખમણ ભાઇ
નીત ધરેઆ શાહાજીસું નેહ, બાંણ સાંધિને મારે એને તેહ
તારે કુંભકરણ ઉલટીઓ જાએ, સેન સઘલા માંહે સામું કોઇ ન જાએ
તારે રામ પુછે ભભીખસણ ભાઈ, આ કારણ કેવું કેહેવાએ
તારે જતી બોલેઆ ધરીને નેહ, સામી બાણ સાંધો તો પડે એહ

તારે ધનક લીધો સીરી રામચંદ્ર હાથ, કુંભ ઢલેઓ મુગતજ થાએ
પછી આવેઓ રાવણ રાએ, જોર દેખીને મુખે કરડી ભીડ
તારે રામચંદ્રને ચડી ને રીસ, બાણું નાંખીને કાપેઆ દશ શીશ
દશ રુંઢ રોડેઆ એક બાણ, શાહે મારેઓ રાએ રાવણ
વાચા કીધિ સીરી રામચંદ્ર કાજ, લંકાનું સોંપેઉં ભભીખણને રાજ
સીતા વારી તે સીરી માહારાજ, વારી તે સીતા જેહ
કઉશલયાને આનંદ તેહ.

હો મારા સામીજી તું જુગ સધારિએ, ભગત ઉગારીએ અસુર સંગારીએ, દાણવ દારીએ ગતીઉ તારીએ આસું પુરીએ વાચા પારીએ, સીરી સાત માંહે મારો તું સીરી પરમેસરા; સીરી સાત માંહે રામચંદ્રજી રૂપે લીધો છે અવતાર, સીરી રામચંદ્રની માતા તો કઉશલયાવતિ પીતા તો રાજા દશરથ; ગુર તો લખમણ કુંઅર, સખતી તો સીતા સતી, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી રામચંદ્રજી રૂપે નામ ભણાવેઆ જી અલા જી અલા; બાર લાખને છનું સેહેસત્ર જુગ ત્રેતાનું પીરમાણ હોતા, તારે જુજર વેદના વારા વરતેઆ, ત્રેતા જુગ માંહે શાહાના ત્રણ રૂપ વરતેઆ, ત્રણ દાણવ શાહા આપે સંગારેઆ કરોડ સાતેસું રાજા હરીચંદ તારેઆ તેણે ગુપત પંથ આરાધેઆ તે તો સહી અમરાપુરીનો વાસો ભલે ભલે પામીઆ જી અલા જી અલા. (૭)

## અવતાર ૮ મો.

સીરી આઠ માંહે સીરી આઠ માંહે ગોકલ બાલુડા છે સીરી કાન વાસુદેવને કુલે માતા દેવકીને કુખે તે સીરી કીરશનજી ભલે અવતરેઆ, પએલા પુતનાનો કીધો છે સંગાર, તેનાં સોસેઆ છે શરીર.

તારે કાપેઓ કંસાસર કાલ, તેડી લાવો તે નંદજીનું બાલ
વેગે કરીને વેલા થાઓ, એક ઘડીની વાર મ લાવો
એક તાડ માંહે વેલા જાઓ, જાઇ લેજો અમારૂં નામ
નંદ સાથે છે એક કામ, પુજા માડી છે મથુરા ગામ
તે માંહે જોઇએ છે કમલાના કામ, તેડી લાવો તે નંદજીનું કાન
નહિં કાં છાંડો ગોકલ ગામ, નહીં કાં બીજો ધરાવો નામ
તારે નંદ બોલીઆ ધરીને નેહ, કંસ કોપેઓ સીજે નહીં કામ
અમે છાંડસું ગોકલ ગામ, તારે બોલીઆ ત્રીભોવર શામ
અમે જાએસું કમલાકે કાજ, હવે પોતા તે કંસજીના રાજ
ઉઠી ચાલેઓ શાહા ત્રીભોવર શામ, જાઇ નાથેઓ કારીઓ નાગ
આણિ સારેઆ કમલાનાં કાજ, તારે કંસે કહેઆ એતો મોટો સલ
મોકલેઓ ચાંદુરરો મલ, તેને કંસે કહી એક વાત
એને જાલીને કરજો એક ઘાત, તારે મલે કહી અરદાસ
કહો તો રાએજી જાલી લાવું તમારે પાસ, તારે કંસ સુણીને
થયો રલીઆત
તમે સાંભલો મારા મલ, વેગે કરીને વેહેલા થાઓ
એક ઘડીની વાર મ લાઓ એક તાડ માંહે વેહેલા જાઓ
વચન સુણિને મલે કીધી રીડ, શાહે હાથે મરોડ્યા તેના શરીર
શાહે મારેઓ ચાંદુરરો મલ, ત્રન ભમણનું ટાલેઓ સલ
શાહે મારેઓ રાજા કંસ, છેદવિઆ તેના વંશ.

હો મારા સામીજી, તું આઠમાંહે મારો તું સીરી પરમેશરા; સીરી આઠમાંહે ગોકલ બાલુડા છે સીરી કાન; વાસુદેવને કુલે, માતા દેવકીને કુખે તે સીરી કીરશનજી કાન ભલે ભલે અવતરેઆ, સીરી કીરશનજી કાનની માતા તો દેવકી, પીતા તો વાસુદેવ ગુર તો વિદરવેઆસ; સખતી તો રાણી રુખમણી, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી કીરશનજી રુપે નામ ભણાવેઆ જી અલા. જી અલા. (૮.)

# અવતાર ૯ મો.

સીરી નવમાંહે બુધ રુપે લીધો છે અવતાર, બુધ રુપે ધરી બેઠા છે ધીઆન, પાંએ પદમ તે દેવ સીરી પરમેસરા, દેવ જાઈ બેઠાં જંપુદીપ માંહે, સીરી કરશનજી મુખે બોલીઆ ફારસો.

ફારસી બોલેઆ મીર, હાથે લીધા તે તીરગસ તીર
સાલ પેરાણ સાંવરે વેશ, મોડબંધ બાંધે શાહા પેચ
છુરી શમશેર બાંધે શાહા કેડ, કેડ બાંધે શાહા ચો ગજી સાલ
તલવાર બાંધે શાહા ભેઠ, જારે પાંડવ ચાલેઆ વન
તેણે મેલેઆં પાણીને અંન, તપ કીધો તે વન મીંજાર
શાહે મારેંઓ દુરજોધન રાએ, કોરવાનો કીધો છે સંગાર
પાંડવાને આલેઓ રાજ, પાંડવ પોતા ગઢ અમરાપુરી માંહે
હવે આવેઓ કલીકાર, વીપર ન માને બાલ
હવે આવીઓ ખોટો કલી કાર, માતા રોતા મેલે નાના બાળ
વરતવા લાગા છે પાપ, બેટો ન માને બાપ
ભાજવા લાગી છે ગાએ, ઉઠી ચાલેઓ શાહા પછમ દીસ
શાહા આવેઓ ખ ઠ એરાક માંહે, દેવ જાઈ બેઠા તે મીલછા માંહે.

હો મારા સામીજી નવમાંહે મારો તું સીરી પરમેશરા, જુગ સધારણ હાર જુગ સધારીએ, ભગત ઉગારીએ; અસુર સંગારીએ વાચા પારીએ, દાણવ દારીએ, ગતિઉં તારીએ, આસુ પુરીએ, નવમાંહે મારો તું સીરી પરમેશરા; સીરી નવમાંહે બુધ રૂપે ધરી બેઠા છે ધીઆન; સીરી બુધની માતા તો કરણાવતી, પીતા તો વીણવછરાજ. સખતી તો હરસાદેવી. ચાર લાખને બત્રીસ સેહેસત્ર સીરી બુધ રૂપે નામ ભણાવેઆ. જી અલા જી અલા; આઠ લાખને ચોસઠ સેહેસત્ર જુગ દુઆપુરનો પીરમાણ હોતા તારે શામવેદના વારા વરતીઆ, જુગ દુઆપુર માંહે શાહાના દાએ રૂપ વરતેઆ, દાએ દાણવ શાહા આપે સંગારેઆ; કરોડ નવેસું રાજા જુજેસઠણ તારેઆ, તેણે ગુપત પંથ આરાધેઆ, તે તો સહી અમરાપુરીનો વાસો ભલે પામીઆ. જી અલા જી અલા. (૯)

# અવતાર ૧૦ મો.

સીરી દશ માંહે સીરી દશમાંહે નકલંકી રૂપે લીધો છે અવતાર; શાહા મઉલા મુરતજાઅલી રૂપે નામ ભણાવેઆજી; હેત હકીકતને કારણે સામીજી તમે ભલે ભલે અવતરેઆ; હેતે સેતે તુરીએ શાહા ચડશે અસવાર, ભગત ઓધારીએ અસુર સંગારીએ દાણવ દારીએ ગતીઉં તારીએ આસુ પુરીએ વાચા પારીએ, સંખ ચકર લેશે શાહા હાથ.

સંખ ચકર લેશે શાહા હાથ, લઈને ફરશે શાહા પીરથમી માંહે હવે પોતા તે દસે અવતાર, પરહરેઓ શાહા ગીરભા વાસ શાહા જંપુદીપનું રાએ, આવશે શાહા મુલસતાન માંહે શાહા દેશે રીખીઆંને રાજ, રીખીઉં કરશે અવીચલ રાજ રીખીઆંને વઇકુંઠ વાસ, પીર સોહોદેવ કેરડા સામ પરતક નકલંકી નામ.

હો મારા સામીજી સીરી દશ માંહે મારો તું સીરી પરમેશરા; સીરી દશમાહે નકલંકી રૂપે લીધો છે અવતાર, સીરી શાહા મઉલા મુરતજાઅલી રૂપે નામ ભણાવીઆજી, સીરી શાહા મોલા મુરતજાઅલી તે સીરી સલામ શાહ સીરી શાહ મઉલા મુરતઝા અલીની માતા તો બીબી ઝલેખાં પીતા તો હાસમી અબુ તાલબ વલી, ગુર તો નબી માહામદ મુસતફા રસુલ સલલા અલેહે વસલમ, સખતિ તો બીબી ફાતમત ઝહેરા રજીઅલાહુ તાઆલા અનહુ; ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર સીરી શાહ મઉલા મુરતજા અલી રૂપે નામ ભણાયા જી અલા જી અલા, ચાર લાખ ને બત્રીસ સેહેસત્ર આજ કલજુગનો પરમાણ હુઆ, તારે અથર વેદના વારા વરતેઆ, આજ કલજુગ માંહે શાહાનું એક રૂપ વરતેઓ એક દાણવ શાહા આપે સંગારશે કરોડી બારેસું પીર સદરદીન તારેઆ. તેણે ગુબત પંથ આરાધેઆ, તે તો સહી અમરાપુરીનો વાસો ભલે પામીઆ જી અલા જી અલા; પીર

સદરદીન કહેરે ભાઈ કહું દશ અવતાર, તે જે સરવણે સુણે, તેને આવા ગમણના ફેરા ટલે; જે સાંભલે દશ અવતાર, તે પામે મોખ મુગત દીદાર; જે સાંભલે નરને નાર, તેને આવાગમણ નહિં સોંસાર.

જે સાંભલે દશ અવતાર, તે પામે મોખ મુગત દીદાર
જે સાંભલે નર ને નાર, તેને આવાગમણ નહીંરે સોંસાર
જેમ મુગતા હુઆરે પએલાજ, તેને આલેઓ શાહા અવીચલ રાજ
શાહે આલેઓ ધરૂને રાજ, ધરૂ કરે છે અવીચલ રાજ
બંધ કાપેઆરે પએલાજ, તેને આલેઓ શાહા અવીચલ રાજ
શાહા દેશે રીખીઆંને રાજ, રીખીઉં કરશે તે અવીચલ રાજ
રીખીઆંને વઇકુંઠ વાસ, પીર સોહોદેવ કેરડો સામ.
પીરતક નરો હરી નામ, પીર સદરદિન કેરો સામ.
પરતક નકલંકી નામ.

હો મારા સામીજી તું જુગ સધારીએ ભગત ઉધારીએ અસુર સંગારીએ દાણવ દારીએ ગતીઉં તારીએ આસું પુરીએ, વાચા પારીએ દસ માંહે મારો તું સીરી પરમેશરા; સીરી દશ માંહે નકલંકી રૂપે લીધો છે અવતાર શાહા મઉલા મુરતઝા અલી રૂપે નામ ભણાયાજી; હેત હકીકતને કારણે સામીજી તમે ભલે ભલે અવતરેઆ; દશ અવતાર મોલા મુરતજા અલીજો સે પીર સદરદીન ભાંખેઓ સે સંપુરણ.

હક અશહદો અન લા ઇલાહ ઈલલાહ.
અશહદો અન મહમદ રસુલીલાહ.
અશહદો અન અમીરલ મોઅમેનીન અલી સહી અલાહ.
યા અલી. યા અલી. યા અલી.

# ગીનાન—પીર સદરદીનનું.

ધુલ ધુલ ઘોડે સચ્ચોસામી રાજો ચડશે, તો વીવા જીરે વીવા -૧-
ખડંગ ત્રધારો અલી હાથ ધરેસે, તો વીવા જીરે વીવા -૨-
મારી દાણવ નર વશ કરેસે, તો વીવા જીરે વીવા -૩-
વિશવ કુંઆરી સચો સામી રાજો પરણે તો વીવા જીરે વીવા -૪-
ઈશવર અણીયર પાસ રહેશે, તો વીવા જીરે વીવા -૫-
ભીરમા તીઆં ચાર વેદ ભણેસે, તો વીવા જીરે વીવા -૬-
ચારે સતીઉં શાહાનાં ઓછાડ ઓછાડશે, તો વીવા જીરે વીવા -૭-
માતા કુંતા શાહાનું ભરણ ભરેસે, તો વીવા જીરે વીવા -૮-
માણક મોતી શાહાના ચોક પુરેસે, તો વીવા જીરે વીવા -૯-
સુરજા રાણી તીઆં પંથ ખેલેસે, તો વીવા જીરે વીવા -૧૦-
કમલા કુંઅર શીરછત્ર ધરેસે, તો વીવા જીરે વીવા -૧૧-
નવસો નવાણું નદીઉં નીર પુરેસે, તો વીવા જીરે વીવા -૧૨-
નવ કુલ નાગ શાહાનાં નેજા જાલેસે, તો વીવા જીરે વીવા -૧૩-
પાંચે કરોડસું રાજા પએલાજ આવસે, તો વીવા જીરે વીવા -૧૪-
સાતે કરોડસું રાજા હરિચંદ આવસે, તો વીવા જીરે વીવા -૧૫-
નવે કરોડસું રાજા જુજેસઠણ આવશે, તો વીવા જીરે વીવા -૧૬-
બારે કરોડસું પીર સદરદીન આવશે, તો વીવા જીરે વીવા -૧૭-
તેત્રીસ કરોડ શાહાના જાંની મીડશે, તો વીવા જીરે વીવા -૧૮-
અણુત કરોડસું પીર કબીરદીન આવસે, તો વીવા જીરે વીવા -૧૯-
અસંખ દલ શાહાનાં જાંની મીલસે, તો વીવા જીરે વીવા -૨૦-
વખત રાએ શાહાના નીશાન વજાવસે, તો વીવા જીરે વીવા -૨૧-
પવન વાહા શાહાના આંગણ બુહારસે, તો વીવા જીરે વીવા -૨૨-
બારેઇ મેઘ શાહાના પાણી ભરેસે, તો વીવા જીરે વીવા -૨૩-
રાજા જુજેસઠણ શાહાની ચોરી ચીતરાવશે, તો વીવા જીરે વીવા -૨૪-
ઈંદ્ર માહારાજ નાટારંભ કરેસે, તો વીવા જીરે વીવા -૨૫-

નારદ રખીસર શાહાનાં વાજીંત્ર વજાડશે, તો વીવા જીરે વીવા -૨૬-
મેર પરબત શાહાના તોરણ બંધાવશે, તો વીવા જીરે વીવા -૨૭-
પાંચે પાંડવ શાહાને પેરણ પેરાવશે, તો વીવા જીરે વીવા -૨૮-
ચંદ્ર સુરજ શાહાની જોત ધરેસે, તો વીવા જીરે વીવા -૨૯-
વિશવ કુંઆરી સચો સામી રાજા પરણે, તો વીવા જીરે વીવા -૩૦-
ઇશવર અણીયર પાસ રહેશે. તો વીવા જીરે વીવા -૩૧-
ભીરમા તીઆં ચાર વેદ ભણેશે, તો વીવા જીરે વીવા -૩૨-
મોમન તીઆં લીણાં લાડ કરેસે, તો વીવા જીરે વીવા -૩૩-
પીર સદરદીન અમીરસ બોલીઆ, તો વીવા જીરે વીવા -૩૪-

# ગીનાન—પીર સદરદીનનું.

એજી ધુલ ધુલ ઘોડે અલી ચડશે શાહા,
ચડશે શાહા—ચડી ચઉદ ભુવન માંહે વરતેઓ | ૧ |
દીપ જંપુદિપમેં ધરે શાહા પાએ,
ધરે શાહા પાએ—ભાઇ અનત કરોડ મન આનંદ | ૨ |
તીઆં તોરણ એ બંધાવે શાહા
બંધાવે શાહા—ભાઈ ઘર ઘર વેદ વિરા ઓચરે | ૩ |
તીઆં અનત વરણનું શાહાતા છત્ર ઢરે,
છત્ર ધરે—ભાઈ સતગુર પરસાદે શાહાતા ચમર ઢરે | ૪ |
તીઆં વિશવ કુંઆરી અલી પરણે શાહા,
પરણે શાહા—ભાઇ ઇશવર અણિયર પાસ રહે | ૫ |
તીઆં વરતેઓ જીઓ વરતેઓ અલીજીનો રાજ,
મઉલાજીનું રાજ—ભાઈ ભીરમા વેદ મુખે ઓચરે | ૬ |
તીઆં તેડા જીઓ તેડા સતીઉં ચાર,

સતીઉં ચાર-ભાઇ એનસીયા કુંતા ને માતા દરૂપતી | ૭ |
ચોથી તેડા જીઓ તેડા હરીચંદ્ર નાર,
હરીચંદ્ર નાર-ભાઇ તેડા તારા રાણી લોચના | ૮ |
સતીઉં ગાવન જીઓ ગાવન મંગલ ચાર,
મંગલ ચાર-ભાઈ મોતીડે શાહા વધાવશે | ૯ |
તીઆં તેડાજી તેડા રાએ પએલાજ,
રાજા પએલાજ-ભાઇ પાંચે કરોડસું પધારશે | ૧૦ |
તીઆં તેડાજી તેડા હરીચંદ્ર રાએ,
હરીચંદ્ર રાએ-ભાઈ સાતે કરોડસું પધારશે | ૧૧ |
તીઆં તેડાજી તેડા જુજેસઠણ રાએ,
ધરમપુત્ર રાએ-ભાઈ નવે કરોડસું પધારશે | ૧૨ |
તીઆં તેડાજી તેડા બાર ગુર રાએ,
પીર સદરદીન રાએ-ભાઇ બારે કરોડસું પધારશે | ૧૩ |
કરોડ પંજ સત નવ બાર કરોડ,
બાર કરોડ-ભાઈ તેત્રીશ શાહા શણગારશે | ૧૪ |
શાહા દેશેજી દેશે રીખીસરને રાજ,
મોમનોને રાજ-ભાઇ લીણાં લીણાં લાડ કરાવશે | ૧૫ |
પીર બોલીઆજી બોલીઆ પીર સદરદીન
શાહા સદરદીન-ભાઇ સાહેબસેં મન બાંધો | ૧૬ |

## ગીનાન—પીર સદરદીનનું.

હંસપુરી નગરી માંહે માંડવો રચાયો,
એણે એણે માંડવે મુમન તેડાવો ભાઇ | ૧ |
સોનાનાં બાજોઠીઆં ને રૂપાની રેલ,
શાહાજીનાં માંડવા માએ એવિ એવી સેલ ભાઈ | ૨ |

શાહાજીના માંડવામા એવિ એવી રીત,
દમસર મરૂઆની ઉઠી છે ભીંત ભાઇ ।૩।

અલંગ પલંગ છત્ર ઢોલીઓ ઢરાએ
શાહા મારો ચડશે માહાજંમ રાત ભાઈ ।૪।

શાહા મારો ચડશે માહાજંમ રાત
પાંચે કરોડસું રાજા પએલાજ સાથ ભાઇ ।૫।

શાહા મારો ચડશે માહાજંમ રાત
સાતે કરોડસું રાજા હરીચંદ્ર સાથ ભાઇ ।૬।

શાહા મારો ચડશે માહાજંમ રાત
નવે કરોડસું રાજા જુજેસઠણ સાથ ભાઇ ।૭।

શાહા મારો ચડશે માહાજંમ રાત
બારે કરોડીસું પીર સદરદીન સાથ ભાઈ ।૮।

શાહા મારો ચડશે માહાજંમ રાત
અણત કરોડસું પીર કબીરદિન સાથ ભાઈ ।૯।

શાહા મારો ચડશે માહાજંમ રાત
ખણુંગ ત્રીધારો અલી લેશે હાથ ભાઈ ।૧૦।

ખણુંગ ત્રીધારો અલી લેશે હાથ
મારિ દાણવનો કાઢશે સાસ ભાઇ ।૧૧।

આવો મારા મુમન ભાઈ અમીરસ પીઓ,
અમરગઢ અમરાપુરી લીઓ ભાઇ ।૧૨।

એવા એવા વાએક સાંભલે જેહ,
અમરાપુરીનો વાસી તેહ ભાઈ ।૧૩।

ભણે પીર સદરદિન તમારો આધાર
સાચા મોમનને દેજો બહેસત દીદાર ।૧૪।

# ગીનાન—પીર હસન કબીરદીનનું.

એજી એણે ઘટે સાસો એ વીરા મારા એણે ઘટે વાસો
એણે ઘટે ગુર નર ગોવીંદ ॥ ૧ ॥
એજી એણે ઘટે જોત કે વીરા મારા એણે ઘટે જુગત
એણે ઘટે પ્રાણી પામે મોખ મુગત ॥ ૨ ॥
એજી એણે ઘટે બ્રહ્મા કે વીરા મારા એણે ઘટે વિશ્નુ,
એણે ઘટે દેવ મહેસરા ॥ ૩ ॥
એજી બાર ને સોલ તે તો મારા સામી રાજાસું હુઅડા
તારે ધરતીનાં બંધ બંધાણા ॥ ૪ ॥
એજી ધરતીબી પાણિ કે વિરા મારા પાતાલ સરવે પાણી
એવા પાણી તે લોહા તાંબા સાર ॥ ૫ ॥
એજી લખ ચોરાસી એ વિરા મારા જીવા જોડ
સરવે પાણી
એવા પાણી તે વરણ અઢાર ॥ ૬ ॥
એજી પીર સદરદીન એ વીરા મારા કહેત પીર
હસન કબીરદીન
શાહના નુરમાંહે જઇ નુર સમાયા ॥ ૭ ॥

# ગીનાન—પીર સદરદીનનું.

જીરે ભાઇરે દેશ દેલમમેં શાહા જગાયા,
સો જંબુદિપમેં આયા

કારણ જાણો તમે સહી પીછાણો
બાર ગુર યું ફરમાયા
શાહા તું પાછમે પાત્ર નકલંકી નારાયણ
સતપંથ સામ સદાયે
ગીનાન માહારસ અંભરત ચેવા
બાર ગુર લઇ મુખ પાયા
શાહા તું પાછમેં પાત્ર નકલંકી નારાયણ
સતપંથ શામ સદાયે ।૧।
જીરે ભાઇરે જોગી ભરામણ દરશણ ભુલા
ન જાણન કુલ નાથ
તપ જપ કરીને જે પીંઠ બારીને
સે ન લોણુ મોખ દીદાર–શાહાતું ।૨।
જીરે ભાઇરે ત્રી જુગેજા વેદ વિચારીન
ન જાણુ ન અવતાર
વરતેઆ વેદ જે પીંઠ પારીન
સો ન દીન ગુર મુખે આહાર–શાહ તું ।૩।
જીરે ભાઇરે ચાલો ચાલો અવતારે
ચાલોને સતપંથ શામ સદાયે
ઘર સર વધાયુ મોલા તખતેજ બઇઠા
સે પીર સદરદીન ભેટી શાહાખે આયા–શાહાતું ।૪।

## ગીનાન—પીર સદરદીનનું.

જીરેવાલા પાટ મંડાવીને ચોક પુરાવો
હરખેસું કલસ થપાવો રેવાલા
ચારે સોહાગણ નઇડ તેડાવો

વધાવો તે કાએમ સામી રેવાલા—વરાણિ.

આજ મીંદર રળીયામણાં દીસે
રુડા સાધ આવેઆ રૂડા સંત આવેઆ
આપણે ઘેર પરભુજી પધારેઆ મીંદરીયે. | ૧ |
જીરેવાલા દીસ તણાંરે રૂડેરા દીસે
અને બોલ તણાં મુખ મીઠાં રેવાલા
પવીત્ર થયાં ઘર આંગણુ મારા
જારે સતગુર નકરેશું દીઠારે વાલા—આજ. | ૨ |
જીરેવાલા કોઈ કહે છે મેલા ને
કોઈ કહે છે ચોખા
કોઈ કહે છે ઓલા કેવા રેવાલા
જોત જગાડીને જુમલોજી બેઠો
હું જાઉં બલીહારી તેની રેવાલા—આજ. | ૩ |
જીરેવાલા સરવણે સુણીઆં તે મેં નયણેસું દિઠા
હું તો ભવો ભવ દાસી તમારી રેવાલા
દોએલડાં સરવે દુર કરો આશા
વેનતી કરીને પાએ લાગું રેવાલા-આજ મીંદર. | ૪ |
જીરેવાલા ગુર નર સાથે ગોઠડી કીજે
તતવ અંખસર શુધ લીજે રેવાલા
જેણે થકી ભવ શાગર તરીએ
સેવા સાહેબજીની કીજે રેવાલા—આજ. | ૫ |
જીરેવાલા એ ગીનાન આહારસ ભણે
પીર સદરદીન
મોમન મારા અમીરસ પીવાને આવો રેવાલા
હાજર જોમાને પાયે પડીજે
વધાવો તે કાએમ સામી રેવાલા—આજ મીદર. | ૬ |

# ગીનાન—પીર સદરદ્દીનનું.

તજીઓ સંગ કુસંગીઆ, ભાઈ છાડીયો સંગ કુસંગરે—વરાણી.

એજી તજોરે તેતા તાતને, જે હરી ગુણ ન ગાએરે
પોતાને પરપંચ પખવે, અને આપે તતપર થાએરે
તજીઓ સંગ. | ૧ |
એજી આગે જુવોની પએલાજ હોતા,
તેણે તાત તજ્યો તતકાલરે
થંભ માંહેથી નરસંગ પ્રગટીઆ,
તેણે સંભારેઆ પુરે વીશ્વાસરે—તજીઓ સંગ. | ૨ |
એજી તજોરે તેતા માતને,
જેને હરિ ભગતિસું નહીં પીઆરરે
પોતાના પરપંચ પખવે,
અને પુત્રની ન કરે સંભાલરે—તજીઓ સંગ. | ૩ |
એજી આગે જુવોની ભરથજ હોતા,
તેણે માત તજી તતકાલરે,
તેણે રામ કારણ રાજ છોડેઆ,
ધંન ધંન તેનું અવતારરે—તજીઓ સંગ. | ૪ |
એજી તજો તેતા ભાઈને,
જેણે હરી ભગતી સાથે નહી વાનરે
તે સોનું સું સુંરે પેહેરીએ,
જેણે સોને તરુટે કાનરે—તજીઓ સંગ. | ૫ |
એજી આગે જુઓની ભભીખણ હોતા,
તેણે ભાઇ તજ્યો તતકાલરે
તેણે ચરણ સીરેવીઆ રઘુ રાયના,
તે ઓધરીઆ તેણી વારરે—તજીઓ સંગ. | ૬ |

એજી તજીઓ તેતા નારને,
જેને હરી ભગતિસુ નહી રંગરે
જેણે કંથ તણા વચનજ લુપીઆ,
પુન.તે પીંઠ તણા ભંગરે-તજીઓ સંગ. ।૭।
એજી આગે જુઓની સરવણ હોતા,
તેણે નાર તજી તતકાલરે
તેણે માત પીતાને વઈકુંઠ મોકલીઆ,
તેનાં ટલીઆ સરવે જંજારરે-તજીઓ સંગ. ।૮।
એજી આગે જુઓની રૂખીપતનીયું હોતીયું,
તે નારીયું ચાલીયું વનરે
તેણું આહાર કરતાં ક્રીરસન દેવ ઓલખેઆ,
અવતાર તેનુ ધનરે-તજીઓ સંગ. ।૯।
એજી એક પાડોસીના લખસણ ભુંડા,
જે કુડા ચડાવે આલરે
તેને હરવે હરવે રે છાંડીએ,
જેમ સરોવર છાંડે પાલરે-તજીઓ સંગ. ।૧૦।
એજી એક પાડોસીના લખસણ ભુંડા,
જેના હઇડા નહીં નીરમલરે
તે ગીનાન સાથે ધડબડે,
જેમ ગર હરે રે સુવાનરે-તજીઓ સંગ. ।૧૧।
એજી પીર સદરદીન બોલીઆ વેનતી,
મારા મોમન ભાઇ તમે રેહેજો હુશીઆરરે
આ કસણી વિના કોઇ ન સીધા,
તમે કેમ ઉતરશો પેલે પારરે-તજીઓ સંગ. ।૧૨।

# ગીનાન—પીર ઈંદ્ર ઈમામદીનનું.

એજી પરતક પાત્રને પરખીને, પ્રેમે પુજોની પાએ
ચઉદ ભમણનો એ ધણી, પરગટ છે જુગ માંએ
પરતક પાત્રને પરખીને. | ૧ |
એજી પરતક રૂપે હરી આવીઆ, આપે ધરી અવતાર
રચના રચાવી વાસો વસ્યા, આપે જુગ કીરતાર
પરતક પાત્રને પરખીને. | ૨ |
એજી કુડ કપટને ટાલવા, પાખંડ જે જુગમાંહે
નીરમલ કરવાને પીરેથમી, આવ્યા ત્રીભોવર રાએ
પરતક પાત્રને પરખીને. | ૩ |
એજી જોગી જંગમ જુગમાં જોતાં ફરે, વનવન ફીરેરે ઉદાસ
દરશન સ્વપ્ને પામે નહી, નીત કરે જોગ અપવાસ
પરતક પાત્રને પરખીને. | ૪ |
એજી પરતક રૂપે હરી આવીઆ, રમતા રમતા રે રામ
માણુસ રૂપે જુગમાં આવીઆ, પુરણ કરવાને કામ
પરતક પાત્રને પરખીને. | ૫ |
એજી ભગત કારણ હરી આવીઆ, આપે ધરી અવતાર
દઈત દાણુવને સંગારવા, કરવા ભગતુંની સાર
પરતક પાત્રને પરખીને. | ૬ |

એજી માલી વીનારે વાડી નહિં, પ્રાણ વીના નહી દેહ
જીવન પાખે આ જુગ નહીં, મન વીચારોને તેહ
પરતક પાત્રને પરખીને. | ૭ |

એજી માલી હસે તીઆં વાડી હશે, પુરણ લીલા લેહેર
સુધું કરીને સીંચશે, મનમાંહે ધરીને મેહેર
પરતક પાત્રને પરખીને. | ૮ |

એજી માલી હશે તીઆં સીંચશે, વન ફલ નીત
નવાં થાએ
સતગુર હશે તીઆંરે નીપજે, ધરમી નીત નવા થાએ
પરતક પાત્રને પરખીને. | ૯ |

એજી જેણે ગોપી કેરા મહી લુટીઆ, માખણ
ખાધાંરે ચકોર
આગે કીરશન અવતારમાં, મારગ રંગ વિનોદ
પરતક પાત્રને પરખીને. | ૧૦ |

એજી આજ કલવારે અવતરેઆ, હરી દશમેં અવતાર
સેતર દીપથી આવશે, જાહેર જંબુદીપ મીંજાર
પરતક પાત્રને પરખીને. | ૧૧ |

એજી તેને જાણીને તમે ઓલખો, સીરેવો ચેહિ દયાલ
હરતાં ફરતાં ને બોલતાં, રૂપ મદન ગોપાલ
પરતક પાત્રને પરખીને. | ૧૨ |

એજી ભણે પીર ઈંદ્ર ઇમામદીન, મારા મુનીવર ભાઈ
ગીનાન વીમરસને જોઇ લીઓ, પીરાછત સરવેરે જાએ
પરતક પાત્રને પરખીને. | ૧૩ |

# ગીનાન—પીર સદરદીનનું.

સખી માહા પદ કેરી વાત, કોઈક જાણેરે
જેને સતગુર મીલીઆ સાર, સોહી પીછાણેરે ।૧।
સખી નાભ કમલ ઘટમાંહે, કે સોહંગ ઉઠેરે
તીઆં જાપ જપે છે હંસ, તાર નં તરુટેરે ।૨।
સખી ઇંગલા પીંગલા સાર, સુખમના નાડીરે
તીઆં ચંદ્ર સુરજ મલી એ, કે મનછા મારીરે ।૩।
સખી ત્રવેણી ઘરમાંહે, કે અખંડ જોતીરે
તીઆં જગમગ જગમગ થાએ, કે વરસે છે મોતીરે ।૪।
સખી વંકનાડ મુકામ, સાચો કહીએરે
તીઆં નીરત સુરત મીલી એ, કે પરચો લહીએરે ।૫।
સખી એટલા સરવે નીશાન, મેલેઆ નીચારે
ભાઈ તેથી ઉંચોરે દેશ, કે ચડવા ઉંચારે ।૬।
સખી પાંચ કોસ પર ગામ, કે નીશાન ધારીરે
તીઆં ધરિ સુરતનું ધ્યાન, સવાસો મારીરે ।૭।
સખી સગલા રોમે રોમ, લાગા જપવારે
તારે સગલા ઘટના ચોર, લાગા છીપવારે ।૮।
સખી પીંઠ તણી ખબર, સગલી વીશરીરે
જારે સુરતી ચડી બ્રહ્મંડ, ફુટી નીસરીરે ।૯।
સખી અરસ પરસના કોટ, જોયા નીરખીરે
એવા સપુત દિપ નવ ખંડ, જોયા પરખીરે ।૧૦।
સખી વેદ કીતાબ માંહે, કે એ ગમ નાહીરે
તિઆં નહી દીવસ નહી રાત, કે ધુપ ન છાંઈરે ।૧૧।

સખી કેવા સરીખો નથી, કે મારો સામીરે
એતો જોયા સરીખો છે, અલખ અનામીરે ।૧૨।
સખી અલખ અનામી સાહેબ, લાગા મીઠારે
ભણે પીર સદરદીન શામ, મેં નજરે દિઠારે ।૧૩।

## ગીનાન—પીર સદરદીનનું.

સખી મારા આતમના આધાર, કે અલગા મ જાજોરે;
એવો સરૂપ મીંદરીઓ સાર, તીઆં તમે બીરાજોરે -૧-
સખી સેહેજ અનોપમ સાર, પલંગ પર વારીરે;
હું તો પ્રેમે પીઆજીને પાસ, દુખડા વિસારીરે -૨-
સખી હીંચે હીંડોલા ખાટ, સાસ ઉસાસેરે;
મારા આંગણામાં ઉઠી લેહેર, પીઆજીને પાસેરે -૩-
સખી વાલમ વીરેહની વાત, કે આગલ કહીએરે;
કોઈ સંત મીલે સુધિર, સમજીને રહીએરે -૪-
સખી ખાલક ખલકણહાર, તેણે લઈ તારીઆરે;
પીર સદરદીન પકડી બાંહા, ભવસાગર ઉતારીઆરે -૫-

## ગીનાન—પીર સદરદીનનું.

એજી પાછમથી શાહાના દડ આવશે,
અને જંપુ દીપ મીંજારીઆજી -૧-

એજી વિરચા તે શેહેરમાં અવતરેઆ,
મારા રીખીસરના દાતારીઆજી -૨-
એજી ઉંચી ચડું રે ઉંચી ચડું;
જોઉં મારા સતગુરની વાટડીઆજી -૩-
એજી કોણુ આવ્યા ને કોણુ આવશે,
અને કોણુ તે આવણુહારીયાજી -૪-
એજી પીર સદરદીન આવેઆ, અને પીર કબીરદીન આવશે;
ઇંદ્ર ઇમામદિન આવણુહારીઆજી -૫-
એજી કોણુ ઘોડે ને કોણુ હાથીએ,
અને કોણુ તે તુરીંગ તુખારીઆજી -૬-
એજી પીર સદરદીન ઘોડે, પીર કબીરદીન હાથીએ;
ઇંદ્ર ઈમામદિન તુરંગ તુખારીઆજી -૭-
એજી મારો સામી રાજા બેઠા પાલખીએ,
ઉપર ચોઉદીસ ચમર ઢરાયાજી -૮-
એજી ડુંગર ઉપર દેરડી,
તીઆં વસે છે કનક સોનારીઆજી -૯-
એજી સોની ઘડે શાહાની સુંદરી,
માતાજીનો નવ લખો હારીઆજી -૧૦-
એજી પીર સદરદીન બોલીઆ,
મારા મોમનભાઇ રેજો હુશીઆરીઆજી -૧૧-

## ગીનાન—પીર સદરદીનનું.

એજી મીલો રીખીસર મેડા મીલો,
મેડા મીલી કરીએ આનંદરે ।૧।

એજી ભરેઆં સરોવર કસમસે,
ભમરલે કીધો છે વસંતરે | ૨ |
એજી ધરણ રચીઆ આંણુ સરોવરીએ,
માંહે છે ત્રીભોવર શામરે | ૩ |
એજી ચારે દિસું હાણવે રૂધિઉં,
સામી રાજા આશા છે તમારીરે | ૪ |
એજી શુકરીત હોએ તો સંચીએ,
સુકરીત સંચીને તમે છુટોરે | ૫ |
એજી નરરે નીજાર શાહાને દાખીએ,
જેસો-પુનમ કેરો ચંદરે | ૬ |
એજી વાચા દીધી સીરી મછ રૂપે,
સોહી વાંચા આ કલજુગ પ્રીતે પાલોરે | ૭ |
એજી કરોને અસવારી સામી મારા,
દુર મુકાવો કિણિઆ ચારીનેરે | ૮ |
એજી પાંચે કરોડસું પેલાજ વિનવે,
બાહોડી સાહીને ગતીઉં તારોરે | ૯ |
એજી સાત કરોડસું હરીચંદ વીનવે,
બાહોડી સાહીને ગતીઉં તારોરે | ૧૦ |
એજી નવ કરોડીસું જુજેસઠણ વીનવે,
બાહોડી સાહીને ગતીઉં તારોરે | ૧૧ |
એજી બાર કરોડસું સતગુર સોહોદેવ વીનવે,
સામી રાજા આશા છે તમારીરે | ૧૨ |
એજી ધન ધન આજનો દાડલો,
ધન ધન સુકલની રાતરે | ૧૩ |
એજી કેમ કરી દશ માસ સીરેવિએ,
સીરેવીએ શીઆરાનો લીમરે | ૧૪ |

એજી જેની રાતે કાનદેવ જનમીઆ,
જનમીઆ કાએમજી ભલે દેવરે ‌। ૧૫ ।
એજી ધનરે જસોદા માતા વીનવે,
ધન ધન કાએમજી ભલે દેવરે । ૧૬ ।
એજી ત્રાંબા કુંડી જલે ભરી
નાયા છે નાનડીઓ તીઆં બાલરે । ૧૭ ।
એજી તરત સોના કેરાં સાંકલાં,
તરત પછેડ ઓઢાડરે । ૧૮ ।
એજી પાલણે ઘુઘરા ઘંમ ઘંમે,
પોઢેઆ છે ત્રીભોવર શામરે । ૧૯ ।
એજી તેડા તેડા સતીઉં ચાર કે,
મંગલ ગાવાને તીઆં જોએરે । ૨૦ ।
એજી સીતા કુંતા ને માતા દરૂપતી,
ચોથાં તેડા હરીચંદ ઘરનારરે । ૨૧ ।
એજી તેડા તારા સતી લોચના,
સતીયાં ગાવે મંગલ શાહાકે ચારરે । ૨૨ ।
એજી થાલ ભરાવો સગ મોતીએ,
બાલકને વધાવોને જાહરે । ૨૩ ।
એજી શું કરીને બોલાવશું,
શું આપણે ધરશું એનું નામરે । ૨૪ ।
એજી કાનદેવ કરીને બોલાવશું,
સીરિ કરશન ધરસું એનું નામરે । ૨૫ ।
એજી જમનાને કાંઠડે જીંજવો,
કાનદેવ ચારે છે તીઆં ગાયુંરે । ૨૬ ।
એજી હાથમાં સોના કેરી ગેદડી,
મોતીડે જડઉ છે એનું જીંદુરે । ૨૭ ।

એજી કાનદેવે દડુલો દોડાવીઓ,
જાઈ પડીઓ જમનાનાં જલ માંહેરે | ૨૮ |
એજી જમનાના જલ સરવે કંપીઆ,
કંપીઆ નવે કુલ નાગરે | ૨૯ |
એજી મામો ભાણેજ બેઇ જુવે રમેઆ,
હારેઆ છે સત પઈઆલરે | ૩૦ |
એજી નાગણીઉ સઉ ટોલે મલી,
બાલકને પુછે છે તીઆં વાતરે | ૩૧ |
એજી કે બાલા વાટ વીણાસીઓ,
કે તારો ખુટીડો છે કાલરે | ૩૨ |
એજી કે તારા માબાપે દુવિઓ,
કે તારી વસમલી ઘરનારરે | ૩૩ |
એજી કે નથી બાલો વાટ વીણાસીઓ,
નથી મારો ખુટીડીયો છે કાલરે | ૩૪ |
એજી કે નથી મારા માબાપે દુવીઓ,
નથી મારી વસમલી ઘરનારરે | ૭૫ |
એજી નાગણી નાગ જગાડની,
ફરી કેસો વીસવાસે આંહી સાંચોરે | ૩૬ |
એજી મામે કંસે જગન આદરાં,
તેમાં જોએ કમલા કેરા કાજરે | ૩૭ |
એજી પાટું મારીને નાગ જગાડેઓ,
કાનદેવ શામલડા તીઆં થાએરે | ૩૮ |
એજી હાંક મારે જાણે હાથીઓ,
ફુંકેસું ફડકે છે નાનું બાલરે | ૩૯ |
એજી સેસત્ર ફણીઆરો કાલી નાગ નાથીઓ,
નાગને લઇને તીઆંથી ચાલીઆરે | ૪૦ |

એજી નાગણીઉં નોરા કરે,
કઇએં મેલસો અમારલો કંથરે | ૪૧ |
એજી આજથી ત્રીજે દાડે મેલશું,
તુજ સુહાગણ કેરો કંથરે | ૪૨ |
એજી સીરરે કમલ કેરો ભારલો,
કાનદેવે પોઠીડા પલાણીઆરે | ૪૩ |
જસોદાને દીઓ વધામણાં,
કાનદેવ જીતીને ભલે આવીઆરે | ૪૪ |
સોલસો ગોપીઓનાં મન રીઝેઆં,
કાનદેવે વાસલડી ભલે વાઇરે | ૪૫ |
મામો ભાણુજ તીઆં બેઉ મલેઆ,
કંસાસુરે પાડી છે તીઆં ચીસરે | ૪૬ |
દમા મંદણ સરીખો માયરો,
ચંદ્રમા સરીખો એનું તેજરે | ૪૭ |
જસોદાને હાથે કંચોલડા,
કાનદેવ દુધલડા તમે પીઓરે | ૪૮ |
ગોકલ માંહે આનંદ થીયાં,
મથુરામાં મંગલ વરતીઆ ચારરે | ૪૯ |
પીર સદરદીન બોલીઆ,
કલ માંહે કાએમજી ભલે દેવરે | ૫૦ |

## ગીનાન—પીર સદરદીનનું.

હો જીરેભાઇરે,
પેલાજની માતાએ કુંવરને વનમાં જનમીઆંજી
તીઆં નાડ વધારી સીરી નરસંગેજી —૧—

હો જીરેભાઇરે,
પાણી છતાં કુંવરને દુધે નવરાવેઆંજી
ચોખા છતે મોતિડે વધાવેઆંજી -૨-

હો જીરે ભાઈરે
દઈંત હરણાકંસ તારો મારેઓ નહિં મરૂં, તારો
મરાવેઓ નહીં મરું મારે મુખડે છે નામ સીરી નરસંગનુંજી
હો જીરે ભાઇરે,
દઈંત હરણાકંસ શીકારે ચડીયાજી,
વનમાં તે દીઠાં રોતા બાલજી -૩-

હો જીરે ભાઇરે,
તિઆંથી પેલાજને લઈ ઘેરજ આવીઆંજી,
તતખણ જોસીડા તેડાવેયાજી -૪-

હો જીરે ભાઇરે,
જુવોરે જોસીડા તમે વેદ પુરાણમાંજી,
આ કીએ નખત્રે પુત્ર જનમીયાંજી -૫-

હો જીરે ભાઇરે,
મુલ નખત્રમાં કુંવર પેલાજ જનમેઆજીં,
તે તમારી ખે કરવાને આવેયાજી -૬-

હો જીરે ભાઈરે,
તારે પેલાજને લઈ વનમાં ચલાવીઆજી,
તીઆં વાઘે તે કીધિ રખવાલજી; -૭-

હો જીરે ભાઇરે,
દઇત હરણાકંસ તારો મારયો નહીં મરું,
તારો મરાવેયો નહીં મરું;
મારે મુખડે છે નામ સીરી નરસંગનુંજી -૮-

હો જીરે ભાઇરે,
તીયારે પેલાજને લઇ સમદરમાં નાંખેયાજી,
આ જલ દેવે કીધી રખવાલજી -૯-

હો જીરે ભાઈરે,
તારે પેલાજને લઇ હાથી આગલ નાંખીયાજી,
આ હાથીએ કીધિ સલામ સાતજી -૧૦-

હો જીરે ભાઇરે,
તારે પેલાજને લઈ ઘાણીમાં ઓરાઆજી,
લાઠ ભાંગીને કટકા થયા સાતજી -૧૧-

હો જીરે ભાઈરે,
કુંવર પેલાજને લઇ હોલીમાં ખડકાવેઆજી,
આ હોલીમાં વાયા સીતલ વાએજી -૧૨-

હો જીરે ભાઇરે,
કુંવર પેલાજને લઇ થંભે બથ ભીડાવીજી,
થંભ ફાટીને નરસંગ આવેઆજી -૧૩-

હો જીરે ભાઈરે,
પરગટેઆ પરમેશ્વર ને હુઆ આનંદજી,
પેલાજની વારે નરસંગ આવેઆજી -૧૪-

હો જીરે ભાઇરે,
એસો ગીનાન પીર ભણાવે સદરદિન,
પાંચે કરોડીએ પેલાજ તારેઆજી -૧૫-

## ગીનાન—પીર સદરદીનનું.

એજી ક્રીસ્ત નેજા તંબલ વાજસે ચડઆ દેવ નીરંજના,
ચંદ્ર સુરજ પવન પાણી. સંગ ચાલે સઉ જણા -૧-
એજી તુંને પુછે સુરજાદેરાણી, સાંભલો કાલીંગા દાણવા,

મારા સાચા સામીને વધાવવા; હડમત બાલા આવશે -૨-

એજી આવશે ગોરખ નવ નાથસું; સેહેસ્ર સીંગી વાજશે,
જલ થલ મહીઅર કરીને, અસુરનું દલ ભાંગશે -૩-

એજી તારી ચીણુબ નગરીમાં ખંણુગ વાજે;
દઈત દાણવ સબ ડરે,
દઇત કાલીંગાના છાસટ લાખ જોધા; શબળ જોધા રણ પડે -૪-

એજી એણુ માંડવે ગઢ ચોવટે, મારા સાચા સામીને વધાવશે,
એનસીઆ કુંતા માતા દરુપતિ ધોડ મંગલ ગાસે -૫-

એજી એને કાને કુંડલ મુગટ સોભે, તીલક તુંડલ બાંધશે,
વિશાવને વરદાન દઈને, કાયમ કન્યા પરણશે -૬-

એજી એક આવશે રહેમાન બાવા, સત પોહોરો જાગશે,
સરવે જનમે તેડાવિ, ત્રીભોવર સામી લેખા માગશે -૭-

એજી ગુર સોહાદેવ એમ આંખેઆ,
આગમ વાણી ભાખેઆ,
દંડવત કરી દેવારખ બોલીઆ, ચંદ્ર સુરજ સાખેઆ. -૮-

## ગીનાન—પીર સદરદીનનું.

કે રાજા પાંડવે તે મેલી જારે પરથમી,
કે રાજા દરજોધન કરે તીઆં રાજ—વરાણી.
સતે જીતીઆ પાંચે પાંડવા -૧-

કે રાજા પાંચે મલીને પરિઆણુ કરે,
કે એને મારવાની કીધી છે પેર-સતે. | ૨ |

કે એના સગામાં તે નોતરું દેવરાવિયા,
કે એને હઈડે તે હરખ ન માએ-સતે. | ૩ |

કે રાજા નોતરૂં દઇને પાછા વળીઆ,
પછે પાંડવાની કીધી છે પેર-સતે. | ૪ |
કે લીલી તે દાર ને સારાં ઘી,
કે ઉપર લાહુડે બાંધી છે પાર-સતે. | ૫ |
કે ઉઠો દેવરીઆ ભોજન કરો,
કે પછે અમને મ દેજો દોસ-સતે. | ૬ |
કે ભાભી ભાણુવંતિ ઘરડા થીઆ,
હજી હસવાની ન ગઈ ટેવ-સતે. | ૭ |
કે ભાભી ભાણુવંતી પીરસે પીરસણા,
કે રાજા દરજોધન ઢોલે તીયાં વાએ-સતે. | ૮ |
કે લવીંગ સોપારી મખવાસ એલચી,
કે ઉપર પાનના બીડા દેશ-સતે. | ૯ |
કે સાગ સીસમના ઢોલીઆ,
કે ઉપર અવલ ઓસીસા ઓછાડ-સતે. | ૧૦ |
કે રાજા દરજોધન લાખના મીંદર ચણાવિઆ,
કે માંહે પુરીઆ છે પાંડુના વંશ-સતે. | ૧૧ |
કે રાજા દરજોધને દુમડો તેડાવીઓ,
કે દુમડા લઇને આગજ મેલ-સતે. | ૧૨ |
કે રાજા મારે ઘરે છે અરધા અંગની,
તેને હું પુછીને વાત કરેસ-સતે. | ૧૩ |
કે રાજા આ ભવ છઇએ દુમડા,
કે પછે બોલે ભવ કેવા કેવાસ-સતે. | ૧૪ |
કે રાજા નહીં રહીએ અમે તારા દેશમાં,
અમે જઈ આઘેરાં વરતેસ-સતે. | ૧૫ |
કે પીર સદરદીન ગુર બોલીયા વીનતી,
સામી રાજા જેમ રાખો તેમ રેશ.
સતે જીતીઆ પાંચે પાંડવા | ૧૬ |

# ગીનાન—પીર ઈમામશાહાનું.

જીરે કરશન બોલતા તે અંબરત વાણિજી,
આજ ફારસી બોલી કીયાંથી આણીજી
અમે ઓલખીને સરેવું છું આજજી,
તમે ઓલખીને સરેવજો આજજી,
ભોલા નુગરાને ન આવે લાજજી,
મારો સાહેબો; સાહેબો એરાક ખંડ જાઇ રયો,
મારો પીર જંબુદ્વીપે આવેઓ | ૧ |
જીરે કરશન પેહેરતા પીતાંબર ધોતીજી,
આજ પેહેરે છે કભા ને ટોપીજી–અમે. | ૨ |
જીરે કરસન હીંડતા તે ટીલા ટબકા કાઢીજી,
આજ કલ માંએ વધારી છે દાઢીજી | ૩ |
જીરે કરશન જમતા તે સોવન થાલીજી,
આજ માટીની શાનક ધારીજી | ૪ |
જીરે કરશન હીંડતા તે બીરામણ વેશેજી,
આજ થયા છે અલીજીને વેશેજી | ૫ |
જીરે કરશન ત્રણ જુગમાં જાપ જપાવેઆજી,
આજ કલ માંએ કલમું પડાવેઆજી | ૬ |
પીર બોલીઆ ઈમામશાહા વાણીજી,
મારે મોમનેકું બહેસત નીશાનીજી
અમે ઓલખીને સરેવું છું આજજી | ૭ |

# ગીનાન—સઈયદ ઈમામશાહાનું.

એજી અપરમ જારે આવશે ને વસેલા ઉજાડશે,
ઉજડ ખેડાને સાહેબ ફીરીને વસાવશે,
હરી હરી દેવ હવે કેને શરણે રહીએ,
કહો સાહેબજી હવે કેને શરણે રહીએ,
પાપ પરગટ ધરમ ગુપત,
ચંદા સુરજ રવે ગરેહેઆ એ સંસાર છરેઆ. ॥ ૧ ॥
ધરતી સરવે ધમ ધમશે,
તારે પઠ્યાર નાગ કંપ કંપશે
કલજુગને પરવેસે પાત્ર નકલંકી પધારશે—હરી. ॥ ૨ ॥
એજી ખપર ખના ચાલશે,
તારે ચરહા ચરણે વાગશે,
દાણવને મારી રાજ રખીઆંને કરાવસે—હરી. ॥ ૩ ॥
એજી સાહેબ તુરીંગ પલાણશે,
તારે ધરતી સરવે ખડવડશે,
ચંદ્રને સુરજ સાહેબ ખેહેમાંહે ઢંકાવશે—હરી. ॥ ૪ ॥
એજી અપરમ જારે આવશે,
ગઢ ચીણખ નગરી ભાંગશે,
આબુ ગઢ પાવે સાહેબ તોરણ બંધાવશે—હરી. ॥ ૫ ॥
એજી અપરમ જારે આવશે,
ઈસત્રી રોતાં બાલ મેલશે,
એવી વીખડી વેલામાંહે અઘોર વરતાશે—હરી. ॥ ૬ ॥
એજી અપરમ જારે આવસે,
ગઉ દાંતે ચરણા નહીં ચરે,

તારે ઝાડે છીકા બાંધશે, તારે ઝાડે છીકા બાંધશે,
તારે ડુંગરે દીવા બાલશે; ડુંગરે દિવા બાલશે,
તારે એલમપુર પાટણમાંહિ તુંભા રોડ વરતાશે,
સાબરમતી સરસતી તે લોહીની પુર આવશે-હરી. | ૭ |
એજી ભણે પીર ઈમામશાહા,
તમે સુણો મારા મુનીવરો,
પાછમથી દલ સાહેબનાં તે માર માર કરતાં
આવશે-હરી. | ૮ |

## ગીનાન—પીર સમસનું.

એજી જાકે પાછમ દીસે ને ખંઠ એરાક માંએ,
સેતર દીપ મીંજર હોજી
ઘરસર વાધાયું તીયાં બહુ રંગ હોસે
ને રાજ કરે છે ધણી મારો હોજી—વરાણિ.
નાસરે નાસ તું કઈત કાલીંગા,
પાછમથી ધણી આવે હોજી
ઓણુ નવાણું તારો ખુડીએ તલે જાસે,
ન જાણું સેહેન તારો સીએ મુખે જાસે
તબ તુજે કોણ છોડાવે હોજી.—નાસરે. | ૧ |
એજી પાછમ દીસમે તંબલ વાજેસે

વાજે તે ગોર નીશાન હોજી
ત્રણુ ત્રણુ ભવનમે શાહા મારો હાંક દિલાવે
ને સેજે ઝીલાવે સુલતાન હોજી.—નાસરે. | ૨ |
એજી જાકે ચંચલ ચલત્ર પવન રથ ઘોડા
ને હાથીણુ શાહા શણગારે હોજી
છત્રીસ આયુધ (હથીયાર) લઈ નર નીકલંકી ચડશે
ને ચઉદ ભવનમાં જેજેકાર હોજી.—નાસરે. | ૩ |
એજી જાકે નવ નાથ ને સીધ ચોરાસી
ને જોગણીઉં કરે જેજેકાર હોજી
અજીઆ ને વજીઆદેવી ચમર ઢરાવે
ને કમલા કુંવર શીર છત્ર ધરેસે હોજી.—નાશરે. | ૪ |
એજી જાકે સીંગણિએં શંખ શબ્દ ઘણું વાજે
ને નવે ખંડ પડેરે ભંગાણ હોજીરે
લખ જોજન શાહા મોરો દીન પંથ ચાલે
ને એસા કરેસે પીઆણા હોજી.—નાસરે. | ૫ |
એજી હારે રાણી ત્રેગણા કોટ મારે અતિ રંગ દિસે
ને માંએ દેવતા કરે છે કમાઈ હોજી
બારેઇ મેઘ મારો પાણી ભરે છે
ને સુરજે તપે રસોઇ હોજી.—નાસરે. | ૬ |
એજી હારે રાજા ત્રણ ભવન જીવનજો દાતાર
તીનસું તું વાદ ચલાવે હોજી
ચઉદ ભમણ જીવણુંકો સામી
તેની કરો સેવા તો કુછ પામો હોજી.—નાસરે. | ૭ |
એજી હારે રાણી સુવા જીવાડું ને પીરતા પુજાવું
ને ખાણુ ખવડાવું કાઠ ઘોડા હોજી
મોરો તે લશકર અનત કરોડી
તેરે શાહાજીધા લશકર થોડા હોજી.—નાસરે | ૮ |

એજી હારે રાજા મુવા જીવરાઇએ ને પીરતા પુરાઇયે
પણ તેરા લશકર કાચા હોજી
નજરે ચડેઓ શાહા મોરો ભસમ કરેસે
ને ઉભા તે રેહેસે સતી સાચા હોજી.—નાસરે. | ૯ |

એજી હારે રાણી ખાઓ પીઓ ને ધન ખરચો અમારો
ને શાહો શાહો કરી પુકારો હોજી
એસા હુએ કોઇ ચીણુબ નગરી માંહે
જે સુરજાદે રાણિકુ સમજાવે હોજી.—નાસરે. | ૧૦ |

એજી હારે રાજા જુગા જુગ હું તને કેતીજ આવી
કુડ કીઆરે કાલીંગા હોજી
ત્રણ ત્રણ જુગ મારો કહયો નવ માન્યો
ચોથે તે સાહેબ લેખા લેહસે હોજી.—નાસરે. | ૧૧ |

એજી હારે રાણી એવી વાત તારા દેવ પાસે ભણીએં
સાંભલો સુરજાદે રાણિ હોજી
અમારી નગરી માંહે વાસ વસો છો
ને વાત કરો જે આપ જાણી હોજી.—નાસરે. | ૧૨ |

એજી ચડેરે દઇતને પડે દલ મંડલ
ચીણુબ નગરિ મીંજાર હોજી
ઇશ્વર આગ્ના ત્યાં કરેરે ઉતારા
ને અજ કલ દશમેં અવતાર હોજી.—નાસરે. | ૧૩ |

એજી હારે રાજા તીલ તીલકા શાહા મોરો લેખા લેસે
તેની સતગુર પુરે છે શાંખ હોજી
નરને પીરસાદ પીર શમસ બોલીઆ
રાજ રખીસરને શાહા દેશે હોજી —નાસરે. | ૧૪ |

# ગીનાન—પીર હસનશાહનું.

એક સપનાતર મેં દીઠણા હોજી
મેરે શાહાજીએ દલ જીતડા હોજી
ઓલે કાલીંગેએ દલ હારેઆ હોજી
ઓલે અંધલે કોલ ન માનેઆ હોજી—વરાણી.

એક મેરો મન ભયોરે સત ભાવસુ
સુણ સત ભાવ સભે જુગ વરતેઆ
સોઇ નર આવીને જોર કરેસે
ચડે દુલ દુલ હાથે ખણુંગ ત્રધારો
મેઘા દમર છત્ર ઠરેસે
એક મેરો મન ભયોરે સત ભાવસું ।૧।

એજી ગગન ગરોલા જેમ વિજલી ચમકે
શાહા મોરો ચીણુબ ચીણુબ ગઠ બેસણાં હોજી
કહે સુરજાદે રાણી સાંભલો કાલીંગા
એ સપનાતર મેં દીઠણાં હોજી.—એક મેરો ।૨।

એજી મેં તેરી તબીયત જાણિરે કાલીંગા
તું રામ કરશન સંગ વાદ વદે છે
જાકું ચારહિ ચોક નવ ખંડ ધેઆવત
લખ ચોરાસી જીવ સરજેઆ હોજી.—એક મેરો ।૩।

એજી કરસન કરસન કહીએબી કરસન
કરશન પવન દકાવે કાલીંગા તેરિ છાતી હોજી
ગુરસું કોલ કીઆ ગલ તરૂટા
છત ન રહેંગી તેરી બાકી હોજી.—એક મેરો ।૪।

એજી કટક કંદાર ચડે ગઠ દીલી
પેલા હોવેંગા અવાજ હોજી

પાછમેથી દલ ઉગમેં આવે
બરસ કરે ઘમઘોર હોજી.—એક મેરો । ૫ ।

એજી બરસ કરે ઘમઘોર કરશે
દલ નવાણુંહિ વણ વાસે હોજી
ચીણબ ચીણબ ગઠ બાલી બેઠી
પેહેરે પટોલા ઓઢણી હોજી.—એક મેરો । ૬ ।

એજી ગંગા બનારસ મત જાઓરે ગોદાવરી
રામ ભજન અબ કેસા હોજી
અલીઆ રૂપ ભયોરે નારાયણ
જેસી કરણી ફલ તેસા હોજી.—એક મેરો । ૭ ।

એજી ચીંતા પીયાકી મન માંહે રાખો
ભજન કરો તો હર લેણા હોજી
દીઓ દશવંધ અવતાર ધીઆવો
તો બાર કરોડીએશું જાઇ મીલો હોજી.—એક મેરો । ૮ ।

એજી નર નારાયણ બેઠા ગુર ગોવીંદ
સીરીએ સારંગધર સામી હોજી
ચડે દુલ દુલ હાથે મારે કાલીંગા
પરણુંગો શાહા બાલી હોજી.—એક મેરો । ૯ ।

એજી નવે અવતારે શાહા નવ દાણુવ છેદ્યા
દશમેં કાલીંગા તેરી વારી હોજી
એ ગીનાન માહારસ પીર ગોફતે હસનશાહા
દશમેં શાહા કરે અસવારી હોજી.
એક મેરો મન ભયોરે સત બાવસું । ૧૦ ।

# ગીનાન–પીર સદરદીનનું.

સામી રાજા જંપુદિપે ઉમાઆજી,
વેલા તે કરજો પ્રભુ આવણા. | ૧ |
સામી રાજા દીઅણીએં અમે રહી ન સગીએ,
તુજ વિના બંદા કેશવા. | ૨ |
સામી રાજા જીવડા તમારે હાથ છે,
અવર જીવ નં લોણીયે. | ૩ |
સામી રાજા લખ ચોરાસી ફેરા ટાલજો,
મોમનના જીવ સધારીઆ. | ૪ |
સામી રાજા હાથીડું દેઇને ઉગારજો,
કલજુગ માહા વીસમું દાહો દાએમો. | ૫ |
સામી રાજા મછ કોરભ વારા નરસીં,
વાએમણ ફરસીરામ શ્રી રામ તું. | ૬ |
સામી રાજા કાનજી બુધ દસમે નકલંકી હુઆ,
ચડીઆ તું શ્રી એસલામ શાહા. | ૭ |
સામી રાજા ગજાતે તંબલ વજડાવણાજી,
પીર સદરદીન સચે શાહાએ ઉમાયાજી. | ૮ |

# ગીનાન–પીર સદરદીનનું.

એજી સામી રાજો મારે મનથી ન વીસરેજી,
તો સુન સુન મોમન રહીઆં.–હોજીરે ભયાં. | ૧ |

એજી તેરી મેરી સાંયાં હેક મન હેક ચીત,
સામી રાજો ભરપુર રહેઆ.–હોજીરે ભયાં. | ૨ |

એજી શામ તણા અભીઆગત આવે વિર,
તીનકું મેં લાગુંગી પઈઆં.–હોજીરે ભયાં. | ૩ |

એજી આપે ઉઠી શાહને બેસણુ દીજે વીરા,
સોઈ તમારાં ધરમ લખઈઆં.–હોજીરે ભયાં. | ૪ |

એજી લઇ લોટા શાહાના પાઉ ધોઇજે વિરા,
સીર પર તેલ કંગઈઆં.–હોજીરે ભયાં. | ૫ |

એજી ખીર ને ખાંડ ગરથ અમરત ભોજન વીરા,
સત તણું મુખે દઇઆં–હોજીરે ભયાં. | ૬ |

એજી ઢોલીયે તલાઇએ શાહાને પોઢણુ દીજે વિરા,
જીણા જીણા વાહો ઢોલઈઆં.–હોજીરે ભયાં. | ૭ |

એજી ચારે સતીયું શાહાના મંગલ ગાવે વીરા,
મોતીડે ચોક પુરાઈઆં.–હોજીરે ભયાં. | ૮ |

એજી એસા ગીનાન પીર ભણાવે સદરદીન વીરા,
મેરે મોમન ભાઈકુ બહેસત લખઇઆં.–હોજીરે ભયાં. | ૯ |

---

## ગીનાન—પીર સદરદીનનું.

એજી સેજડીએ સુતોરે રાજા નીંદ્રા ધરી,
તારા રાણી ઓશીકે રાયનાં પાયજી. –૧–

એજી ઇસત્રી ચલીત્ર રાજાએ જાણ્યો,
નયણે તે નીંદ્રા ન આવેજી. –૨–

એજી તીઆંથી ને તારા સતી સંચરેઆ,
આવ્યા છે ઓરડા મીંજારજી. -૩-

એજી સોલે શણગાર સતીએ સજ્યા,
પેહેર્યાં પેહેર્યાં ધરમ તણા ચીરજી. -૪-

એજી ત્યાંથી તારા સતી સંચર્યાં,
આવ્યા છે ઘોડાર મીંજારજી. -૫-

એજી ઘોડા તે છોડયો તેજી હંસલો,
ઉપર માંડયા ચીતરુડાં પલાણજી. -૬-

એજી ત્યાંથી તારા સતી સંચર્યાં,
આવ્યા છે કમલ દુઆરજી. -૭-

એજી અરદાસ માંગીને સતી ઉભા રહયા,
સામી રાજા લજા રાખણહારજી. -૮-

એજી કમલ દુવારે રાજા ઉભા રહયા,
આપે આપે ઉઘડીઆ કમાડજી. -૯-

એજી ત્યાંથી તારા સતી સંચર્યાં,
આવ્યા છે પરોડું મીંજારજી. -૧૦-

એજી અરદાસ માંગીને સતી ઉભા રહયા,
સામી રાજા લજા રાખણહારજી. -૧૧-

એજી ભોંગલ ભાંગીરે ખરા લોહ તણા,
ત્યારે નીકલ્યા છે દુવારથી બાહારજી. -૧૨-

એજી બાહારે આવીને રેવત હાંકેયો,
આવી પોતા જમના નદીને તીરજી. -૧૩-

એજી જમના નદીએ આવી સતી ઉભા રહયા,
ત્યારે ઘણા નીર ઉછલે અપારજી. -૧૪-

એજી અરદાસ માંગીને સતિ ઉભા રહયા,
સામી રાજા લજા રાખણહારજી. -૧૫-

એજી નીર ચીરાણા સતી ઉતર્યા,
જમના નદિએ દીધિ છે વાટજી. -૧૬-
એજી ત્યારે નદી વચે ચાલી ઓલે પાર ગયા,
ત્યારે રાણી થયા છે રલીયાતજી. -૧૭-
એજી ત્યાંથી ને તારા સતી સંચર્યાં,
આવ્યા તે ધરમ દુઆરજી. -૧૮-
એજી ત્યારે પરદક્ષણા કરી સતી ઉભા રહયા,
ત્યારે જુમલાજીએ દીધિ છે આશીશજી. -૧૯-
એજી ત્યારે ઘોડા તે બાંધ્યો તેજી હંસલો,
ઉતાર્યાં છે ચીતરૂડા પલાણજી. -૨૦-
એજી ત્યારે આગલ પાછલથી મુનીવર સંચર્યાં,
આવી પોતા ધરમ દુઆરજી. -૨૧-
એજી ધરમ ધજા સર્વે વધાવ્યા,
આવી સંચર્યાં મીંદર માંહેજી. -૨૨-
એજી સનમુંખ થઇને સતી ઓચર્યાં,
બોલ્યા તે ધરમ વેવારજી. -૨૩-
એજી ધરમ વાણુ કહી સતીએ ઘટપાટ થાપ્યા,
સઉ કોઈ સતીને વધાવા જાયજી. -૨૪-
એજી વહેલા થાઓરે વિરા બંધવા,
ખણ એક મ લાવો વારજી. -૨૫-
એજી સેજડીએ સુતોરે રાજા જાગશે,
તો ભાંગશે મારા પીયર તણી વાટજી. -૨૬-
એજી અધરમી સાથે મારો વેવાર છે,
દુનીયાં છે કાંઇ દુરીજન લોકજી. -૨૭-
એજી આ પંથ ગુભત પ્રગટ ન કરવો,
આપણો છે સતસું વેવારજી. -૨૮-

એજી ઘોડો વીશેધ્યો તેજી હંસલો,
તેના કીધા આંબલીઆ પરમાણજી, —૨૯—
એજી તેરે આંણીને ગતમાં હાજર કર્યો,
જુમલેજીએ દીધી છે આશીશજી. —૩૦—
એજી આશીશ માંગીને દેવ પુજા કરી,
વધાવ્યા છે શ્રી રઘુરાયજી. —૩૧—
એજી ત્યારે સર્વે સતીને સંતોખીયા,
તારા રાણી થયા છે રલીયાતજી. —૩૨—
એજી પહેલો બંગાલો આપ્યો છે રોહીદાસને,
પછે વરતાવ્યા સઘલી જમાતજી —૩૩—
એજી ત્યારે થાર તારાદે રાણીને આલીયો,
પછે થઈ છે ઉઠાસણની વેલાજી. —૩૪—
એજી ત્યારે હાડ ચામ મેલી કીધાં એકઠાં,
તેને જુમલેજીએ દિધી છે આશીશજી. —૩૫—
એજી આશીશે ઘોડો ત્યાં ઉઠયો,
ત્યારે રાજા પગની ચાખડી લઇ જાયજી. —૩૬—
એજી ત્યારે અરદાસ માંગીને સતી સંચર્યા,
આવ્યા છે દુઆરની બહારજી. —૩૭—
એજી ત્યારે એક ચાખડી પગે પેહેરવા,
બીજી ચાખડી હાથ ન આવેજી. —૩૮—
એજી ત્યારે સતિ વિમાસીને બોલ્યા,
પીતાજી એક ચાખડી નાયજી. —૩૯—
એજી ત્યારે પ્રદક્ષણા કરી સર્વે પાય પડીયા,
સામી રાજા લજા રાખણહારજી. —૪૦—
એજી ત્યારે ઘઉના મોટ બાંધિને કીધી ચાખડી,
તેને જુમલેજીએ દિધી છે દુઆજી. —૪૧—

એજી જાણે આસમાનેથી ઉતરી બીજી ચાખડી,
તે તારા રાણી પેરી પોતાને પાયજી. -૪૨-
એજી ચાખડી પેહેરીને રાણી સંચર્યા,
ત્યારે જુમલોજી વોરાવાને જાયજી. -૪૩-
એજી વલો વલો વીરા બંધવા,
તમને હોજો વઇકુંઠ વાસજી. -૪૪-
એજી ત્યાંથીને તારા રાણી સંચર્યા,
આવ્યા છે જમના નદિને તીરજી. -૪૫-
એજી જમના નદિના નીર ઉછલે અતી ઘણાં,
ત્યારે રાણીએ સંભર્યા રઘુવીરજી. -૪૬-
એજી અરદાસ માંગીને સતિ ઉભા રહયા,
ત્યારે જમના નદીએ દીધી છે વાટજી. -૪૭-
એજી જમના નદી વચેથી ઘોડા હાંકયો,
આવિ પોતા આણિરે પારજી. -૪૮-
એજી ત્યાંથીને તારા સતી સંચર્યા,
આવ્યા છે પીરોડલાની પાસજી. -૪૯-
એજી ત્યારે ભોગલ ભાંગા ખરા લોહ તણા,
ત્યાં રાણિ ઉભા કરે અરદાસજી. -૫૦-
એજી અરદાસ માંગીને સતી ઉભા રહયા,
સામી રાજા લજા રાખણહારજી. -૫૧-
એજી ત્યારે ભોગલ ભાંગા ખરા લોહ તણા,
ત્યારે ઉઘડયા છે પરોડલા પ્રકાશજી. -૫૨-
એજી પરોડલા પ્રકાશથી રાણી સધાવ્યા,
આવ્યા છે કમલ દુઆરજી. -૫૩-
એજી કમલ દુઆર સાહેબે ઉઘાડયા,
ત્યારે રાણી ગયા દુઆર મીંજારજી. -૫૪-

એજી દુઆરથી રાણી સંચર્યાં,
આવ્યા છે ઘોડાર મીંજારજી. -૫૫-
એજી ઘોડો બાંધ્યો તેજી હંસલો,
ઉતાર્યાં છે ચીતરૂડા પલાણજી. -૫૬-
એજી ત્યાંથીને તારા સતી સંચર્યાં,
આવ્યા છે ઓરડા મીંજારજી. -૫૭-
એજી ઓરડે જઇને વસ્ત્ર પેહેર્યાં,
ઉતાર્યાં છે ધરમ તણાં ચીરજી. -૫૮-
એજી ત્યાંથીને તારા સતી સંચર્યાં,
આવ્યા છે સેજડીયાની પાસજી. -૫૯-
એજી સેજડીયે સુતારે રાજા નીંદ્રા ધરી,
તારા રાણી ઓરાસે રાયના પાયજી. -૬૦-
એજી પાય ચાંપતા રાજા જાગ્યા,
સાંભલો રાણી અચરત કહું એક વાતજી. -૬૧-
એજી એક અચરત આજ અમને ઉપનું,
તેનો પટંતરો કેમ કહેવાયજી. -૬૨-
એજી ત્યારે રાણી રાજાને ખમા કરિ,
તમને ચીંતા આજ શેની થાયજી. -૬૩-
એજી ઉગમતા આથમતા તમને નમે,
તમારી આણ ફરે ઉતર દખણ માંહેજી. -૬૪-
એજી આલસ મરડી રાજા બોલ્યા,
રાણી અમને સપનાતર લાધોજી. -૬૫-
એજી સપના માંહે અમે એમ જાણ્યું,
તારા રાણી પીયરીયે પધાર્યાંજી. -૬૬-
એજી ત્યારે રાણિ રાજાસું બોલ્યા,
સપનું તો આલ પંપાલજી. -૬૭-

એજી સપના માંહે શું શું રે દેખીએ,
જેનું નહિં થડ નહીં મુલજી. -૬૮-

એજી રીસ કરીને રાજા બોલ્યા,
રાણી સપનું જુઠું કેમ કહેવાયજી. -૬૯-

એજી જુઠ તણારે આહે પટંતરો,
ત્યારે ચાખડલી લઈ દીધી છે હાથજી. -૭૦-

એજી તમે તો મહીપતી મોટા ભુપ છો,
એવડી શુ કરો છો વાતજી. -૭૧-

એજી વાતલડીએ વીણાસજ ઉપજે.
વિંધાઈ જાય છે અમારા શરીરજી. -૭૨-

એજી ત્યારે રીસ કરીને રાજા ઉઠયા,
ખેંચી ખડંગ લીધો છે હાથજી. -૭૩-

એજી ખડંગ કાઢીને રાજા ઉઠયા,
રાણી સેનો લાવ્યા છો થાલજી. -૭૪-

એજી રાણી રૂદિઆ માંહે ધરૂજીઆ,
સામી હવે શી થાશે પેરજી. -૭૫-

એજી ત્યારે રાણી વીનવે રઘુવર રાયને,
સામી રાજા લજા રાખણહારજી. -૭૬-

એજી સામીજી પરતકના તમે પારજો,
આવિ ઉભો છે હવે કાલજી. -૭૭-

એજી ત્યારે થાલ લાવીને રાણીએ આગલ ધર્યો,
ત્યારે રાજાને દસટે આવ્યા વનફલજી. -૭૮-

એજી જાણે ફુલવાડીથી માલી મેવા લાવ્યો,
ત્યારે રાજાને અચરત થાયજી. -૭૯-

એજી ત્યારે ખડંગ મેલીને રાજા બેસી રહયા,
રાણી મુને આ પંથ દેખાડજી. -૮૦-

એજી એ પંથ મારગ છે રાજા દોહેલો,
આ પંથ તમથી સહચો નવ જાયજી. -૮૧-
એજી ત્યારે રાજા રલીયાત થઇને બોલ્યા,
જેમ કહેશો તેમ કરશું સેવાજી. -૮૨-
એજી અમે તો સ્ત્રી ચરીત્ર જાણતા,
ન જાણ્યો એવો આ સતપંથ સારજી. -૮૩-
એજી અમે તો તમ સાથે પધાર્યાં,
ત્યાં અમે દીઠા સરવે મેમાયજી. -૮૪-
એજી તે ગુર અમને દેખાડજો,
જેણે ગુરે દીધા તમને ધરમજી. -૮૫-
એજી તે ધરમ મારગે અમે ચાલશું,
અને આલસું તે અસંખ દાનજી. -૮૬-
એજી દાન દેતા અમે નવ ડોલીએ,
તો આલસુ તે અતી ઘણા માનજી. -૮૭-
એજી સરવે સતી અમે સોંપસું,
અમે મુખથી લેશું નારાયણ નામજી. -૮૮-
એજી નામ સાહેબજીનું લીજીએ,
અને પીજીયે તે પાવલ સારજી. -૮૯-
એજી ગુર ગીનાને અમે ચાલશું,
એમ ઉતરસું પેલે પારજી. -૯૦-
ત્યારે રાણી રાજાસું એમ બોલ્યા,
રાજા સતપંથ છે ખાંડા કેરી ધારજી. -૯૧-
એજી ખરી ખોટી તો બુધ ભાંગશે,
ચાલવું કાંઇ સુફલ વેવારજી. -૯૨-
એજી પહેલાં તો માંગેરે કાયા કાલજો,
પછે માંગે પીંઢી કેરો માંસજી. -૯૩-

એજી તમનેરે વાહાલો તેજી હંસલો,
ગઉધરે બાંધી છે આશજી. -૯૪-

એજી તમારી ફુલવાડી ફુલે ઘણી,
તમને વાહાલો કુંવર રોહીદાસજી. -૯૫-

એજી અજોધા કેરો વાહાલો રાજપાટ,
તમને વાહાલા સોલે શણગારજી. -૯૬-

એજી એ વસ્તુ સર્વે ગુરજી માંગશે,
તે ગુરુજી ઉપર કેમ આવે ઇમાનજી. -૯૭-

એજી ત્યારે રાજા એમ બોલ્યા,
જેમ ગુરુજી રાખે તેમ રેહેસુંજી. -૯૮-

એજી ત્યારે રાણી રલીયાત થઇ બોલ્યા,
અમે જાઇએ અમારે પીતાને ઘેરજી. -૯૯-

એજી ત્યાંથી વાચા અમે લાવીએ,
પછે તમે આવો અમારે સાથજી. -૧૦૦-

એજી ત્યાંથી તારા સતી સંચર્યાં,
આવ્યા છે પીતાજીની પાસજી. -૧૦૧-

એજી બાપજી બોલ તમે સાંભલો.
વાત લાગી છે રાજાને હાથજી. -૧૦૨-

એજી આપણા આચાર રાજા ફલી ગયા.
આવ્યા હતા ધરમ દુઆરજી. -૧૦૩-

એજી ત્યાં અમસું ઉતપાત કરી ઘણી,
હવે ઓચરે છે ધરમ દુઆરજી. -૧૦૪-

એજી ત્યારે રીખીસરે વીચારી વાણી કરી,
રાજા વરતે પરતમા પારજી. -૧૦૫-

એજી વરત વિચારીને તમે પાલજો,
તો વરતે થાશો ગુર કેરા દાસજી. -૧૦૬-

એજી ત્યારે રાજ દુઆરે રાણી આવ્યા,
ગુરે દીધા વરત વીચારજી. -૧૦૭-
એજી ત્યારે રાજા ઉઠીને ઉભા થયા,
વરત રાખ્યા ખંડા ધારજી. -૧૦૮-
એજી ત્યારે વરત વીચાર રાજા રાખ્યા,
પાલ્યા સરવે ધરમ વીચારજી, -૧૦૯-
એજી ત્યારે કંસારે જઇ ઘણુ કુટેઆ,
એવિ કસણી સહી ખટ માસજી. -૧૧૦-
એજી કાચો ઘડો લાવો કુંભારથી,
કાચે ત્રાગડે ભરી લાવો નીરજી. -૧૧૧-
નીર ભરીને ગત માંહે હાજર થયા,
ત્યારે રીખીસરે દિધા ઘણા માનજી. -૧૧૨-
એજી ત્યારે રીખીસર રાણીશું એમ વદે,
રાજાને છે અવધ ગીનાનજી. -૧૧૩-
એજી રાજા દેવ સભા સહીત ઘેર લાવ્યા,
વજાડયા કાંઇ ઢોલ નીશાનજી. -૧૧૪-
એજી સાહેબ નામ તો સઉ કોઈ ઓચરે,
સઉ નર નારી સાંભલે ગીનાનજી. -૧૧૫-
એજી ઓછવ મંગલ સઉ કોઈ ઓચરે,
બોલ્યા છે જેજેકારજી. -૧૧૬-
એજી પીર સદરદિન ગુર બોલ્યા,
સામી રાજા તું ગતીઉં તારણહારજી. -૧૧૭-

# ગીનાન—પીર ફાજલશાહનું.

એજી આંખલડી જોઇ જોઇ થાકી,
કીઆરે આવે મેરો શામ,
પરતક પગે પડું, વાલા નમી નમી કરૂં પ્રણામ-વરાણી.
મીઠા શાહા મેં સમરૂં તેરો નામ,
યાશાહા સમરૂં મેં તેરો નામ,
ખુદાવંદ મેં સમરૂં તેરો નામ. | ૧ |
એજી બાલપણની પ્રીતડી, સામી તમસું લાગીજી.
નેહડો લાગો શાહા સુરધરશે,
સો કીઆ જાણુ ગેમારી.—મીઠા શાહા મેં | ૨ |
એજી પીર ફાજલશાહ આંખે વેનતી,
મુસે મેહેર કરો મેહેરબાન,
કરમ કરોગો તો સરમ રહેગી,
હમ બંદા દોસારી તું તાર.—મીઠા શાહામેં | ૩ |

# ગીનાન—પીર સદરદીનનું.

એજી સાંભલો મોમન વેદની વાત,
એહેસતની કુંચી આપણા સતગુરજીને હાથ. -૧-
એજી સતગુરસું મન દ્રઢ કરી લાઓ,
સતગુર તાલા ખોલે મોમન એહેસતે જાઓ. -૨-
એજી પીરજે પીરસાદ મોમન એહેસતજ પાઇ,
તમે નીતો નીત ગત માંહે મીલો મોરા ભાઈ. -૩-

એજી ગતમાંહે ગુરનર દેવના દીદાર,
ભાઇ ગુર બીનાં કેમ ઉતરસો પેલે પાર. -૪-
એજી જીકર કરો વીરા ગત માંહે જાઇ,
ભાઇરે ગત માંહે ગુર નર બેહેસત લુંટાઇ. -૫-
એજી કલસ પીઓ નીત હાલ ગુજારો,
ભાઈ એવીરે કસણી તમે આપ કસાવો. -૬-
એજી એવીરે કસણી તમે આપ કસાઈ,
તો તમે સાચા મોમન મોરા ભાઇ. -૭-
એજી સાચારે મોમન મોરા ભાઇ,
તમે ચેતી ચાલો કલજુગ માંહે જાઈ. -૮-
એજી ચેતી ચાલો કલજુગ માંહે સાચા,
ભાઇ જેવું તારૂં દિલ તેવી સાહેબજીની વાચા. -૯-
એજી બહુ પાપ પાખંડ કલજુગ માંએ બોહોડા,
ભાઇરે મોમન મન કેરી બાજી છોડા. -૧૦-
એજી ભણે પીર સદરદિન સુનો ગતીઉં મોમન
મોરા ભાઇ,
તમે સીરેવો સતગુર નુર એલાહી. -૧૧-

## ગીનાન—પીર સદરદીનનું.

એજી ધંધુકારની સાંખ ભણીજે,
હમે ને તમે કીયાં હોતા એજી. ।૧।
એજી ચારે ચારે જુગના જીવડા તમારા,
સો કીએ કીએ ખાન વસંતા એજી. ।૨।

એજી જે પીંઠ ભાગા ધરમ સીર લાગા,
જીવડો છુટે મારગ પામે એજી. | ૩ |
એજી કાશીએ જાઇ તમે ગંગા માંહે નાવો,
તો પાણીકી જાત્રા કએસી એજી. | ૪ |
એજી પાણીમાં નાતાં જો મોખ હોવે,
તો માછલડી મોખ પામે એજી. | ૫ |
એજી ગંગાકી મછલી સો ગંગા માંહે રેહેવે,
આખર હોવે ગંધેરી એજી. | ૬ |
એજી બ્રાહ્મણ જોગી સેવડા સનાશી,
એ ચારે કલમા ઉથાપેઆ એજી. | ૭ |
એજી એ ચારને વાએકે જે જીવ ચાલે,
સો નીશટે દોજકે જાવે એજી. | ૮ |
એજી આલ ઇમામકી ખબર ન જાણે,
સો મુરખ હાથ ઘસંતા એજી. | ૯ |
એજી આલ ઇમામ આરાધો મોરા ભાઈ,
તો મન વાચા ફલ પામો એજી. | ૧૦ |
એજી પાપ પુરવના તમારા ઠલી ઠલી પડશે,
સાતમેં સરગે વાધાઈ એજી. | ૧૧ |
એજી ભણે પીર સદરદીન સતગુર ભીરમા,
આવે તો પરણામ કીજે એજી. | ૧૨ |

## ગીનાન—પીર સદરદીનનું.

એજી ટાઢું ટાઢું મીઠડ બોલીએ,
ગુરગત ગંગાને ભાવે.

સરવે સાચેરું થઇને ચાલીએ,
તો સાહેબ દીલ ભાવે—વરાણિ.
જેને રીદે સચો શાહા વસે, તાંકુ અન ન ભાવે,
જેને રીદે આપણા ગુર વસે, તાંકુ નીંદ્રા ન આવે.
નીંદ્રા તજો વીરા ભાઇ, ગીનાન વીચારો મોરા ભાઇ. ।૧।
એજી દાહા મ દેજોરે લોકને, તેથી રહીસ કુંવારી.
દીઓ તો દેજો સચા સાધને, જે ઉતારે પેલે પાર—
જેને રીદે. ।૨।
એજી સાંકડી શેરી માંહે ગુર મલ્યા, મારે લોકશું
વેવાર.
કાંટાની મીસેં ગુરને નમું, હાથે કરુંરે પરનામ—
જેને રીદે. ।૩।
એજી વન વન અગર ન નીપજે, જલ જલ કમલ
ન હોય.
પીર સદરદીન બોલીઆ, ગુરકા ભાંખીઆ સો
જુઠડા ન હોયે—જેને રીદે. ।૪।

# ગીનાન—પીર સદરદીનનું.

એજી લાવો લાવો ઘાસ બંધાવો ત્રાટી,
ભાઇરે ઉડ ગયા હંસને પડ રઈ માટી.—વરાણી.
દઈરે ગંધી કાયા ગીરભ ન કરણાં,
થોડા સો જીવણાં આખર વોહી મરણા.
એજી માટી ચુણિ ચુણી મોહોલ બનાયા,
સોહીરે મોહોલ કુછ કામ ન આયા.—દઈરે ।૧।

એજી લંકા જેસા કોટ સમદર જેશી ખાઇ,
ઉસરે રાવણકી ખબર ન પાઇ.–દઈરે ।૨।
એજી એક લાખ પુત્ર સવા લાખ નાટી,
ઉસરે રાવણ ઘર દીવડો ના બાતી.–દઇરે ।૩।
એજી ભણે પીર સદરદીન સુણો મેરે લોઇ,
અલી નબી વીના દુજા ન કોઈ.–દઇરે ।૪।

## ગીનાન–પીર સદરદીનનું.

એજી વાવસો તેવું લુણસો,
અને આ સોંસારીઆ માંહેજી,
વણ વાવેઆ જેણે લુણેઆ,
તે પીર કહે મુજને દેખાડોજી.–વરાણી.
પ્રાણિડા તું મ કરિશ મોડા મોડ,
એણિ વાટડીએ વેરાવેઆ લાખ કરોડ.–પ્રાણીડા તું–૧–
એજી મન સીધા ભાઇ મન સીધા,
એણે મને શું મન ધીઆયાજી.
એવા સીધા તે પાંચે પાંડવા,
જેણે ધરમસું મન ધીયાયાજી.–પ્રાણીડા તું–૨–
એજી પગમાં તે ખુંચે ઝીણી કાંકરી,
ઉપર વરસે અગનકા મેહજી,
અજોધાપુરીના રાજીઓ,
તેની સતેસું ન દાઝી દેહજી.–પ્રાણીડા તું–૩–
એજી હીર તણાં ચીર પેરતા,
ખીર ખાંડશું રાખતા પ્યારજી.

માથે ખડના પુરા લઇને વેચાણા,
રાજા હરિચંદ્ર તારા રાણી રોહીદાસજી.—પ્રાણીડા તું—૪—

એજી ઢોલીએ તરાઇયે કુંવર પોઢતાં,
તેને ખુંચે તે ઝીણા સુત્રજી,
તે રોહીદાસ પોઢેઆ સાથરે,
ભાઈનો લાડકડો એ પુત્રજી.—પ્રાણીડા તું—૫—

એજી ત્રાંબા કેરી તોલડી,
અને રુપાનું બેસણુંજી,
માથે જાપડો બેઠો નાવાને,
રાજા હરીચંદ્ર નામે પાણીજી.—પ્રાણીડા તું—૬—

એજી પીર સદરદીન બોલીઆ વેનતી,
મારા મોમન ભાઈ તમે રેહેજો હુશીઆરજી,
કસણિ વીના કોઈ ન સીધીયા.
તમે કેમ ઉતરસો પેલે પારજી.—પ્રાણીડા તું—૭—

## ગીનાન—પીર હસન કબીરદીનનું.

લેલે લોલી કીરસન શામદે સાલોલી,
વે કાને કુંડલ ગલે ચુઈ ચુઈ ચુરી,
ભણત જસોદા માતા ગગરો આવેઓ,
રે માતા સેતા ગોરી માતા જાનદે સાગોરી,
ગગરો આવે માતા સુજકું ન ખાવે,
મેં તો સરવે નાથુંધા નાથજી,
માતા સેતા ગોરી માતા જાનદે શા ગોરી.—દોઢ—

એજી પએલે મછ રૂપે મેં આવતર્યા રે,

સંખાસર દઇત મેં છડીઆરે
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૧–

એજી બીજે કારભ રુપે મેં અવતર્યારે,
મધુકીટક દઇત મેં છડીઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૨–

એજી ત્રીજે વારા રૂપે મેં અવતર્યારે,
મોર દાણવ દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૩–

એજી ચોથે નરસંગ રુપે મેં અવતર્યારે,
હરણાકંસ દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૪–

એજી પાંચમેં વાએમણ રૂપ મેં અવતર્યારે,
બલ દાણવ મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૫–

એજી છઠે ફરસીરામ રૂપે મેં અવતર્યારે,
સેસા અરજણ દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૬–

એજી સાતમેં રામ રૂપે મેં અવતર્યારે,
દસાસર દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૭–

એજી આઠમેં કાન રુપે મેં અવતર્યારે,
મામું કંસ દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૮–

એજી નવમેં બુધ રૂપે મેં અવતર્યારે,
દુરજોધન દઇત મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૯–

એજી દશમે નીકલંકી રુપે મેં અવતર્યારે,
કાલીંગા દઈત દાણુવ મેં છડેઆરે,
તોએ ગગરેસું ન ડરેઆરે.–માતા સેતા.–૧૦–
એજી ગીનાન માહારસ પીર ગોફ્તે
હુશનશાહારે
દશમે શાહા કરે અસવારીરે,
માતા બલેહારી માતા જાન બલેહારી.–માતા સેતા.–૧૧–

# ગીનાન–પીર સદરદીનનું.

એજી માહામદ માવજી આવ્યા, નવે ખંડ કીધો છે જાણ.–૧–
એજી ઢોલ ધમામા વાજીયા, વાજ્યા તંબલ એ નીસાન.–૨–
એજી પએલાજ હયડા માંહે હરખ્યા, મુખલડે વરસે છે કાંઇ નુર.–૩–
એજી જાન જોડાવો ધરમી પએલાજ, ઉતારો કલજુગ વિખડા પાર–૪–
એજી ચડી આવે તારા રાણી હરીચંદ્ર, ચડી આવે કુંવર રોહીદાસ–૫–
એજી પાંડવ ચડે ધમકારસું, જાણે ચડેઆ બારેહી કાંહી મેઘ.–૬–
એજી ચડી આવે અરજણ ભીમ કે, ચડી આવે નકુલ સેહદેવ.–૭–
એજી ચડી આવે ધરમી રાજા જુજેસઠણ, જાણે ચડેઆ બારેઈ
તીઆં મેગ.–૮–
એજી એનસીઆ માતા કુંતા દરૂપતી, ચોથી ચડે હરિચંદ્ર
ઘરની નાર.–૯–
એજી માતા કુંતાનો રથ રવે ચડે, ભમી આવેઓ આકાસ
એ મીંજાર.–૧૦–
એજી રાજા જુજેસઠણ વીનવે, કહો માતા એવડી શાને લાગી વાર.–૧૧–
એજી અમથી નારાએણ રીસામણાં, મનાવંતા લાગી છે
એવડી વાર–૧૨–

એજી મહેર કરો મેરા નાથજી; ઉતારો કલજુગ વીખડા પાર.-૧૩-
એજી કીરતા જુગના રખીસર, જુવે છે ત્રેતા જુગની વાટ.-૧૪-
એજી ત્રેતા જુગના રખીસર, જુવે છે દુઆપુર જુગની વાટ.-૧૫-
એજી દુઆપુર જુગના રખીસર, જુવે છે કલજુગની વાટ.-૧૬-
એજી ચારે ચારે જુગના રખીસર, ઉભા છે સાહેબને દરબાર.-૧૭-
એજી કલજુગના રખીસર આગલ થાશે, તારે પામશે મોખ મુગત દીદાર.-૧૮-
એજી સરવે જુગેથી બડા કલજુગ, તેમાં આવેઆ માહામદ મુરાર.-૧૯-
એજી પીર સદરદિન બોલીઆ, સામી રાજા રખીસરને પાર ઉતારો.-૨૦-

# ગીનાન—પીર સદરદીનનું.

એજી બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી,
ચરંતે ચરંતે સીંહલે વસ પડયા.-૧-
એજી રહો રહો સીંહલા તુમ મત નાખો હાથ,
હું તો વાછડે કેરી ચુંસણીજી.-૨-
ખમો ખમો સીંઅલા તમે થામ કરી બેસો,
વચન આલીને ગવરી ચાલીઆ.-૩-
પહેલે હીંચોલે ગવરી સીંમ સેટ આવી,
બીજે હીંચોલે ગવરી વાડીએ.-૪-
ત્રીજે હીંચોલે ગવરી ઝાંપે આવી,
ચોથે હિંચોલે ગવરી કોડમાં.-૫-
ઉઠો ઉઠો વછડા તુમ દુધ મેરા પીયો,
તો વાચાકી બાંધી આઇ.-૬-

વાચાકી બાંધી માતા દુધ નહિં પીયું,
મેં ચલુ તુમારે સાથ.-૭-
આગે આગે વછડા ને પીછે ગાવંત્રી,
ભાઇ સીંચલે ઘેર સંચારીઆ.-૮-
એકકું બુલાયા તો દો ચલકર આયા,
ભાઇ સીંચલે ઘેર વધામણા.-૯-
ઉઠો ઉઠો સીંચલાજી માંસ મેરા ભરખો,
પીછે ભરખો મેરી માઇ.-૧૦-
એટલીરે શુધ બુધ કોણે તમને દિધી,
કેણે તે તમને બોધીયા.-૧૧-
એટલીરે શુધ બુધ ચંદ સુરજ દીધિ,
પીર સદરદિને બોધીયા.-૧૨-
એજી જાઓ જાઓ ગાવંત્રી તુમ મેરા બહેના,
વછડા મેરારે ભાણેજડા.-૧૩-
જાઓ જાઓ ગાવંત્રી ડુંગરને કોરે મોરે,
ખડરે ખાઓ પાણી મોકળા -૧૪-
ભણે પીર સદરદીન તુમ સુણો મોમન ભાઈ,
આપણો સતપંથ સુધો કરી જાણો.-૧૫-

## ગીનાન-પીર હસનશાહનું.

એજી ઉંચારે કોટ બહુ વેચના, નીચે વહે દરીઆવરે;
હુંરે દરીઆવદીં માછલી, સાંઇઆ તારણુ આવરે.
હુંરે દરશન બીના બાવરી, બાલમ ઘરે આવ, સાજન
ઘરે આવ;
જાદા ભુલ્યો તારી બંદગી, સાહીઆ સુરત બતાવરે.-હુંરે-૧

એજી અગર ચંદનની કોટડી, સુફલ રચેઆ કમાડરે.
તાલાં દીધાં છે પ્રેમનાં, સાંઇઆં ખોલણ આવરે.—હુ રે—૨

એજી પંજર પડીઆ પરીવારનો, કોએ બુજત જાણ;
મેરે તનકી વેદના, સાંઇઆ તપત બુજાવરે.—હુ રે—૩

એજી એતના કોપ ન કીજીએ, સાંહીઆં દીજે દીદારરે;
પીર હશનશાહાની વિનતી, સાહીઆં તારણ આવરે.—હુ રે.—૪

## ગીનાન—પીર સદરદીનનું.

એજી ભોરારે ભોરા માનવિ,
તમે ભુલીઅડાથી કાંએ ભમો,
ઘર બેઠા સીરેવો સીરી નારાયણ દેવ,
જુવો જુવો પીંઢતા એવા વેદ એ પુરાણ;
કીએ રૂપે હરી મારા હોતા પાખાણ.—૧—

એજી ભોરાં ભોરા માનવી,
તમે પાણાને કાંએ પુજો;
જે આપ ન બોલે કેનો બોલાવ્યો ન બોલે,
તેને કેમ કહીએ કરશન દેવ.—જુઓ.—૨—

એજી કાશીએ જઇ ભોરા તમે ગંગામાંહે નાઓ,
અમને તમને જેણે સીરજીયા તે કયાં થકી પાવો.—જુઓ—૩—

એજી ત્રણ ત્રણ વેદ મેલી ભોરા તમે કેને સીરેવો,
ઇશ્વર બ્રહ્મા મહેસર સરીખા દુજા નહીં કોઇ દેવ.—જુઓ.—૪—

એજી જોગીઆ હોએ તે જઇ જોગશું ધીઆવે,
બીજા ચોલે અંગ ભભુત ને લોકાકું રીજાવે.—જુઓ.—૫—

ભણે પીર સદરદિન ભોરા તમે પાણાને કાંએ પુજો,
પાણાને પુજી તમે લાણ કયાંથી લેસો.—જુઓ.—૬—

# ગીનાન—પીર સદરદ્દીનનું.

ફુલડા મ ચુંટીસ ભોરા મહેસરી,
એણે ફુલડે ફુલડે છે જીવ ભોલા માલી;
જીસ કારણ તમે ચુંટો છો ફુલડા,
સો પાથરીઓ નઇ જીવ ભોરા માલી;
તમે ચુંટીસ મ ફુલડા ને છાંટીસ મ પાણી,
એવો પાથરીઓ પુજતાં કાંઈ મુરખાઈ આણી;
તારા તીરથમાં તીરથ દેવું માહે દેવ,
સોતો આજ કલીમાં અવતર્યા શ્રી નારાયણ દેવ;
જેણે હરણાકંસ શાહા મોરે નખેસું વીદારેઆ,
જેણે વાએમણ રૂપે રાજા બલ છલેઆ,
જેણે વણ થંભે આવા ભરમંડણ જડઆ,
સો સાહેબ પાછમ દેશે ભલે ભલે અવતર્યા. ॥ ૧ ॥

એજી ફુલડા ચુંટી તમે પાથરીએ કાંએ સુકવો,
એવો જલ તલ મ કરો છાણ ભોરા માલી;
પાણું પાથરીઓ પુજતા,
તમે નઇ પામો મોખ દીદાર ભોરા માલી.—તમે ચુંટીસ—૨—

એજી જેને આરાધો તમે તેને જાઈ ભીરખો,
એવો મુરખે ન જાણેઓ ભેદ ભોરા માલી;
કાંકરીઓ પાથરીઓ બારી કીજે ચુનો,
તેને કેમ કહીયે દરશન દેવ ભોરા માલી.—તમે ચુંટીસ—૩—

એજી નવ નાડી ને દોએ લોચના,
એવા ચાર ચાર થંભનો આધાર ભોરા માલી;
માંએ પવન માંએ પાણી,
તારા રીદઆમાં સીંચણ હાર ભોરા માલી.—તમે ચુંટીસ—૪—

એજી એક ન ભુલા માલી દોએ ન ભુલા,
એવો ભુલ્યો ભુલ્યો સગલો સંસાર ભોરા માલી;
એક ન ભુલા મારા મુનીવર ભાઈ,
શતગુરને વચને ચાલેઆ:
પીર સદરદીન બોધણહાર ભોરા માલી.
તમે ચુંટીસ મ ફુલડા ને છાંટીસ મ પાણિ.—૫—

## ગીનાન—પીર સદરદીનનું.

એજી પાછમ દેશથી પ્રભુ પધાર્યા,
તેની આશા છે રે અનતજી. | ૧ |
ભાંગી તે રેણિ ને રવી પ્રકાશ્યા,
શાહાજી આવ્યા છે વસંતજી. | ૨ |
એજી ફુલવંત ફુલી ને રુત મોરી,
આગલ વેલા છે રે વિખમજી. | ૩ |
તમે વેલારે થાઓ વીરા બંધવા,
તમે ખણ મ લાવો વિલંબજી. | ૪ |
સાચી તે સુકરીત સાથ લેજો.
આગલ ઓલી તે થાશે સત ધરમજી. | ૫ |
એ વીરા સમો તે આવ્યો સમરવાનો,
જો તમે સુતા છો કાંએ તનજી. | ૬ |
એ વીરા પછે તે કરશો ઓરતો,
આખરત આવ્યા દીનજી. | ૭ |
એ સામી આદ અંતે આવ્યા,
તમે સોહી પીછાણો ગુરજી. | ૮ |

જેણે જખ મેગ કીનર તાર્યાં,
કરોડીઉં તેત્રીસનો કીધો નીસતારજી. | ૯ |

સો શાહા કીધા તે કરતવ પુછશે,
લેખો તે સાહેબજીને હાથજી. | ૧૦ |

સામી કરતા તે જુગ માંએ આવ્યા,
કીધો વેદનો નીસતારજી. | ૧૧ |

નરસીં તે રૂપે નામ ભણાયા,
તાર્યાંરે રાએ પેલાજજી. | ૧૩ |

પેલાજને શીર ભરણ ભરાવ્યા,
કરોડીઉં પાંચનો નીશતારજી. | ૧૪ |

સો શાહા કીધા તે કરતવ પુછશે,
લેખો તે સાહેબજીને હાથજી. | ૧૪ |

સામી ત્રેતા તે જુગ માંએ આવેઆ,
દશરથને કુલે શ્રી રામજી. | ૧૫ |

સામી રામ રૂપે રાવણ મારીઓ,
મારીઓ કુંભ કરણજી. | ૧૬ |

સામી વન ગીઆને વ્યાકુલ થયા,
જેણે મન માંએ રાખી ધીરજી. | ૧૭ |

સતી તે સાચા ને ગુરનરની વાચા,
જેણે વેચાવેઆ આપજી. | ૧૮ |

રાજા હરિચંદ્રને શીર ભરણ ભરાવ્યા,
કરોડીઉં સાતનો નીસતારજી. | ૧૯ |

સો શાહા કીધા તે કરતવ પુછશે.
લેખો તે સાહેબજીને હાથજી. | ૨૦ |

સામી દુઆપુર જુગ માંએ આવ્યા,
વાસુદેવને કુલે શ્રી કાનજી. | ૨૧ |

સામી કાન રૂપે કાલે નાગ નાથીઆ,
મારીઆ મલ કંસજી. | ૨૨ |

સામી કોરવ મારીને પાંડવ તાર્યા,
પાંડવે હેમે ગલાવેઆ હાડજી. | ૨૩ |

રાજા જુજેસઠણને શીર ભરણ ભરાવ્યા,
ક્રીરોડીઉ નવનો નીસતારજી. | ૨૪ |

સો શાહા કીધા તે કરતવ પુછશે,
લેખો તે સાહેબજીને હાથજી. | ૨૫ |

સામી ત્રન જુગમાંએ આવીઆ,
નવમે તે રૂપ નારાયણજી. | ૨૬ |

સામી અજ કલમાંએ પરવરીઆ,
દશમે તે દીન દયાલજી. | ૨૭ |

સામી આરબ દેશમાંએ અવતરીઆ,
રામે તે રૂપ રેમાનજી. | ૨૮ |

સામી સરવે દહીંત શંગારશે,
સેવકોના કરવા કાજજી. | ૨૯ |

મારા વીરાને ઘેર વધામણા,
જે કોઇ ઓલખી આરાધે આપજી. | ૩૦ |

હરી રંગ રંગે જે રંગ રંગીઆ,
તે તો પામ્યા મોક્ષ દીદારજી. | ૩૧ |

તીઆં સભા તે મલશે શોભતી,
વરતાશે તે જેજેકારજી. | ૩૨ |

તીઆં વધને વરદાન દેવા,
ચડે શાહા ત્રીભોવર શામજી. | ૩૩ |

ક્રીરોડીઉ પાંચે સાતે નવે જુજેસઠણ,
બારે તે શાહા હો નીજારજી. | ૩૪ |

તીઆં અનત કરોડીઉં મલશે એકઠા,
મારા સાચા ને સચા યારજી. | ૩૫ |
પીર સદરદીન બોલીઆ વીનતી,
મારા સાચા ને સચા યારજી. | ૩૬ |
સો શાહા કીધા તે કરતવ પુછશે,
લેખો તે સાહેબજીને હાથજી. | ૩૭ |

## ગીનાન—પીર નુર સતગુરનું.

કે જીરે વીરા કનક કચોલા કેશર ઘોલીયા,
કે જીરે વીરા છાંટન છાંટો આરભ દેશનાં,
રાયરે.—વીવારે આવીઆ ઢુંકડા. | ૧ |
કે જીરે વીરા નકલંકી નવશાનાં નોતરા,
કે જીરે વીરા ફેરવ્યા છે મુલક ચોવીસરે.—વીવારે. | ૨ |
કે જીરે વીરા સોવન થાલ સહુ કોઇ ધરે,
કે જીરે વીરા લાવો મેલો બાજોઠીઆ મોંજારરે.—વીવારે. | ૩ |
કે જીરે વીરા માણક મોતીના થાલ ભરો,
કે જીરે વીરા જોવા જાઇએ ચઉદ ભવનનો રાયરે.—વીવારે. | ૪ |
કે જીરે વિરા શ્રીફલનાં તોરણ બંધાવજો,
કે જીરે વીરા સઉ સતિયું મંગલ ગાયરે.—વીવારે. | ૫ |
કે જીરે વીરા બ્રહ્માજીના બેટા તુજને વિનવું,
કે જીરે વીરા ચાર વેદ લઇ વેલો આવરે.—વીવારે. | ૬ |

કે જીરે વિરા વાજીંત્ર વાજે અતી ઘણાં,
કે જીરે વીરા ઢોલ વાગે ઢમ ઢમકારરે.–વીવારે. | ૭ |

કે જીરે વીરા સઉ સેન આવોને સામી શોભતા,
કે જીરે વિરા જાહેર વાતો થાશે જાન માંહેરે.–વીવારે. | ૮ |

કે જીરે વિરા વશાવ કુંવારી વીનતી કરે,
કે જીરે વિરા કંથજી સાંભલજો કાનરે.–વિવારે. | ૯ |

કે જીરે વીરા બહુ રંગી બાજોઠીઆ ચીત્રાવજો,
કે જીરે વીરા બેસે બેસે બાલોવર રાયરે.–વીવારે | ૧૦ |

કે જીરે વિરા માંડવો બંધાવો મુજને મન ગમતો,
કે જીરે વીરા વરવું છે સુરાવરની સાથરે.–વીવારે. | ૧૧ |

કે જીરે વીરા માંડવો છવડાવો ચંપા કેવડો,
કે જીરે વિરા કસતુરીની ભરાવી છે ભીંતરે.–વીવારે. | ૧૨ |

કે જીરે વીરા વર કન્યા પુરા પરણાવશું,
કે જીરે વીરા ગુર બ્રહ્માજી ત્યાં ભણશે વેદરે.–વીવારે. | ૧૩ |

કે જીરે વીરા સોવન મીઢલ સામીને શોભતા,
કે જીરે વીરા સઉ દેવતાની શાંખરે.–વીવારે. | ૧૪ |

કે જીરે વીરા મુસતક મુગટ હીરલે જડેઆ,
કે જીરે વીરા હરિને કુંડલ જલકે કાનરે.–વીવારે. | ૧૫ |

કે જીરે વીરા વર કન્યા પુરા પરણાવ્યા,
કે જીરે વીરા પરણે પરણે દેવ મોરારરે.–વીવારે. | ૧૬ |

કે જીરે વીરા ગુર સતગુર એમ બોલીઆ,
કે જીરે વીરા ગુર બ્રહ્માજી બોલીઆ છે ઢોલરે.–વીવારે. | ૧૭ |

# ગીનાન—પીર સમસનું.

## ગરબી.

સતે પાવલ પીવો દીન ને રાત, કે તો ફલ પામશો રે લોલ.—૧—
જેમ સીધા નવાણું કરોડ જખ, તે અમર હુઆરે લોલ.—૨—
એમ સીધા તે માલા મેગ, કે છપન કરોડીઆરે લોલ.—૩—
એમ સીધા તે કીન્નર દેવ, કે બત્રીસ કરોડીઆરે લોલ.—૪—
એમ સીધા તે તેત્રીસ કરોડ દેવ, કે તે ફલ પામીઆરે લોલ.—૫—
પછે છેલા કલપનીઉં ઘડીઉં ચાર, તે માંહે જીવ તારેઆરે લોલ.—૬—
તેમાં પાંચ કરોડસું રાય પહેલાજ, જેણે નરસંગ જપેઆરે લોલ.—૭—
તેમાં સાત કરોડસું હરીચંદ્ર રાય, તે શ્રી રામે તારેઆરે લોલ.—૮—
એમ નવે કરોડસું પાંડવ રાય, તે શ્રી બુધે ઉગારેઆરે લોલ.—૯—
તેના છત્રપતી જુજેસઠણ રાય, તેને ભરણ ભરાવેઆરે લોલ.—૧૦—
આજ કલીમાંહે કરોડ બાર, કે સતીઆ સાચસુરે લોલ.—૧૧—
તેના પીર સદરદીન તારણહાર, તે આપે તારેઆરે લોલ.—૧૨—
તેણે ધિઆવેઆ મહમદ નામ, અલી અવતારનેરે લોલ.—૧૩—
આજ છેલી સંધે તારસે સાર, જે સતપંથ ધીઆવશેરે લોલ.—૧૪—
જે પાવલ પીશે મુનીવર વીર, કે દસોંદ આલશેરે લોલ.—૧૫—
જે કીરીઆ ચાલીશ પારશે જન, તે અનતમાં આવશેરે લોલ.—૧૬—
તેની સરગે હોસે વધાઇ, કે અમર ફલ પામશેરે લોલ.—૧૭—
તેના એકોતેર પુરીઆ સાર, કે માઇ બાપનાંરે લોલ.—૧૮—
તે તો સાથે આવશે સાર, તે વઇકુંઠ પામશેરે લોલ.—૧૯—
જે પાથર પુજે જુઠા દેવ, તે દોજકે જાશેરે લોલ.—૨૦—
એમ બોલીઆ ગુર શમસ પીર, નાચો સત સંગેરે લોલ.—૨૧—

# ગીનાન—પીર સમસનું.

ગરબી.

ચેતો ચેતો તે ચંચલ ચેતીઆરે લોલ.—૧—
રમો રંગે તે રુડા સતીઆરે લોલ.—૨—
છાંડો મુરખાઇ લોભ કપટનેરે લોલ.—૩—
તમે સમરો તે સારંગ પ્રાણનેરે લોલ.—૪—
તમે પથરને માનો છો પ્રેમસુરે લોલ.—૫—
તેથી નહીં પામો તમે બહ્મકુરે લોલ.—૬—
એતો ગરબી ભવાની જુઠીઆરે લોલ.—૭—
એવા જોત કપટ કેરા મુઠીઆરે લોલ.—૮—
નાચે શું થાશે પ્રાણી તમે થાકશોરે લોલ.—૯—
જુઠા રંગ રહેસું મ રાખશોરે લોલ.—૧૦—
તમે કીધા છે જમવાના જોગીઆરે લોલ.—૧૧—
જુઠા કુડ કપટ તણાં ભોગીઆરે લોલ.—૧૨—
સીરેવો કાસમ શાહા નર નામનેરે લોલ.—૧૩—
તો પામશો તે વઇકુંઠ ઠામનેરે લોલ.—૧૪—
ધીઆવો ધરમ મારગ સતપંથનેરે લોલ.—૧૫—
એવા સાચા સાહેબ સમરથનેરે લોલ.—૧૬—
એમ ગુર પીર શમસ બોલીઆરે લોલ.—૧૭—
સર્વે નાચણહારાના તાલા ખોલીયારે લોલ.૧૮—

# ગીનાન—પીર શમસનું.

## ગરબી.

સતગુર શમસ એમ કહેરે ગાફલો, કેમ ઉતરસો પેલે પાર. | ૧ |
પાથર રંગે રાચેઆરે ગાફલો, પામો ન સીરજણહાર. | ૨ |
ફોકટ ફેરા તમે શું ફરોરે ગાફલો, ધિઆવો તે સતપંથ ધરમ. | ૩ |
પથર મુરત મુકીને ગાફલો, સતે છોડાવો કરમ. | ૪ |
મુકો ભવાની માતનેરે ગાફલો, સીરેવો અલી અવતાર. | ૫ |
પાવલ નીરમલ પીયોરે ગાફલો, ધીઆવો તે ધરમ આચાર. | ૬ |
માનો કાશમ શાહા નુરનેરે ગાફલો, આલ ઈમામ કલી માંહે. | ૭ |
દીલના તે તાલા ખોલીનેરે ગાફલો, જુઓ તે મુગતનાં ઠાંએ. | ૮ |
અનવર શીરીએ સલામસાહા રે ગાફલો, એ નરને પીછાણો
તમે જોઈ. | ૯ |
તેની કલાથી અમે આવ્યારે ગાફલો, અમે પીર શમસ સોઇ. | ૧૦ |
કોલ તમારે અમે આવ્યારે ગાફલો, પાલો તે વાચા આજ. | ૧૧ |
વાએક સાંભળી જે ચાલશેરે ગાફલો, તે કરશે તે અવીચલ રાજ. | ૧૨ |
છેલો આખાડા આ જુગનોરે ગાફલો, ચેતો તમે મારા વીર. | ૧૩ |
સતપંથ ધરમને માનજોરે ગાફલો, ધરી રુદીઆમાં ધીર. | ૧૪ |
પાખંડે પાર નહીં પામશોરે ગાફલો, સાચી કહું છું સત વાણ. | ૧૫ |
કલજુગ સંધે ચેતજોરે ગાફલો, સમરો તે સારંગપ્રાણ. | ૧૬ |
ચેતણહારા તમે ચેતજોરે ગાફલો, પીયોને નીરમલ નીર. | ૧૭ |
ગુરજી કહે તમને કંથીરે ગાફલો, એમ બોલે શમસ પીર. | ૧૮ |

# ગીનાન—પીર સદરદીનનું.

શાહા તું આપોહી આપ સહિ હો સામી,
સામીજી તું બહુ અવતર્યા.
શાહા તું સરગ મીરત પઈઆર સામી,
તું સબની થાન નીરીંજન.
સતોતેર પાત્ર ઈમામ ચાલીસ, દશમે અવતર્યા
અવતાર પાત્ર ઇમામ તું.
હું બલહારી અપર મપરા.
શાહા તું મછ રૂપે થીઅડો સામી,
તો જલે આપ પધારેઆ.
શાહા તું વેદ ભીરમાખે જોગ દિને,
સંખાશર સંગારેઆ.
એ ગીનાની ગાફલ દઇત ભુલા,
રયા રહન ન વારેઆ.
સહી રાજ રખીએખે શાહા દેશે,
આદિ દઇત સંગારેઅ'.
કાએમ દેવા તુજ સીરેવા,
લાગા જીવ પીઆરીઆ.
મએં તુજસેથી નેહજ લાગા,
અહોનસ સામી મના ઘડી મ વીસરીએ,
મઉલા અલી યા અલી. | ૧ |

શાહા તું કોરભ રૂપે થીઅડો સામી,
તો પુઠીયા ભાર જીલાયા,
મધુકીટક દાણવ છેદઆ સામી,
તો રતન પ્રગટાયા,
એ ગીનાની ગાફલ. | ૨ |

શાહા તું વારા રૂપે થીઅડો સામી,
દાઢ તલે ગગન ધરેઆ,
મોરડે દઇત ન લએઓ સામી,
તો ભુલેઆ ગાફલ કીઆ કરે,
એ ગીનાની ગાફલો. ।૩।

શાહા તું નરસી રૂપે થીઅડો સામી,
તો હરણાકંસ વીધારેઆ,
કરોડીએ પાંચેસું પએલાજ તારેઆ,
તો કાજ રખીઆના સારેઆ,
એ ગીનાની ગાફલો. ।૪।

શાહા તું વાએમણ રૂપે થીઅડો સામી,
તો અંઉઠ કરમ ગણાવેઆ,
બલરે દઇત ન લખીઆ સામી,
તો દેઇ લત ગમાવેઆ,
એ ગીનાની ગાફલો. ।૫।

શાહા તું ફડસીરામ રૂપે થીઅડો સામી,
તો નાના પખ સંવારેઆ,
ખતરીયાનું વંશ નીરવસ કીઆ,
તો કાજ રખીઆનાં સારેઆ,
એ ગીનાની ગાફલો. ।૬।

શાહા તું રામચંદ્ર રૂપે થીઅડો સામી,
તું દઈત દસાસર છેદીઆ,
શાહા તું સીતા વારી લંકા લુસી,
તો રાજ ભભીખણને આલેઆ,
એ ગીનાની ગાફલો. ।૭।

શાહા તોજો આઠમે અવતાર સામી,
તું કાનજી નામ ભણાવેઆ,
શાહા તો નાથીઓ કાલીઓ કંસ છેદ,

જુગે પરતા લાઇયા,
એ ગીનાની ગાફલો. ॥ ૮ ॥

શાહા તું બુધ રૂપે થીઅડો સામી,
તો જોત બુંભ સવારીઆ,
અહુંકારી કોરવ છેદ્યા સામી,
તો પંજઇ પાંડવ તારિઆ,
હાથે પકડેઆ, ગજ ભીમ મુસતક,
ગગન સામા ઉડાડીઆ,
નવ નંદ રાજ રખીઅંખે શાહા દેશે,
પુરખ પાછમે અલી આવીઆ.
એ ગીનાની ગાફલો. ॥ ૯ ॥

શાહ. તોજો દશમે અવતાર સામી,
તું નકલંકી નામ ભણાવીઆ,
મીલછ કટક દલ ગોખ સામી,
તો ખને ખણુંગ સંગારેઆ,
છની આપ વિચ ગુરનર સીરેવિઆ,
દઇ વીસત પીઆરીઆ,
કરોડીઉ પંજ સત નવ બારેહી તારીઆ,
જેણે એવિ આછી કરણી કમાવીઆ,
દશ અવતાર પીર સદરદીન ભાખેઆ,
મારા મોમનેકું નજીક દીદાર શાહા દીખલાયા,
એ ગીનાની ગાફલ દછત ભુલા. ॥ ૧૦ ॥

સમાપ્ત.